ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ-ગાંધીનગર
પ્રેરિત

GOVERNMENT OF GUJARAT

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી
## દ્વારા સંપાદિત

## જિલ્લા કક્ષાનો
## એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ

# શિક્ષણની નવી ક્ષિતિજો

## વર્ષ:-૨૦૨૦-૨૧

:: પ્રેરક ::

**શ્રી દક્ષાબેન પી. પાઠક**
પ્રાચાર્ય
ડી.આઈ.ઈ.ટી
અમરેલી


**શ્રી ટી.એસ.જોષી**
નિયામક
જી.સી.ઈ.આર.ટી.
ગાંધીનગર

:: માર્ગદર્શન અને સંકલન ::

**શ્રી ભરતકુમાર બી. ડેર**
જિલ્લા ઈનોવેશન કો.- ઓર્ડિનેટર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમરેલી

Created by
HARESH GOHEL


# ઈનોવેશન તસ્વીરોમાં










MOTA SAMDHIYALA PRI. SCHOOL

Student Result

**NAME :** SHELADIYA HETVI A.

**STANDARD :** 5 **, CLASS (DIV) :** A

**ROLL NUMBER :** 14

| # | SUBJECT | TOTAL MARKS | OBTAINED MARKS | GRADE |
|---|---|---|---|---|
| 1 | GUJARATI | 160 | 154 | A |
| 2 | MATHS | 160 | 150 | A |
| 3 | HINDI | 160 | 150 | A |
| 4 | ENGLISH | 160 | 132 | A |
| 5 | ENVIRONMENT | 160 | 148 | A |
| 6 | VYAKTITVA_VIKAS | 200 | 190 | A |
| | TOTAL MARKS | 1000 | 924 | A |
| | PERCENTAGE | 92.40% | | |

Powered by 000webhost


















# એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ -૨૦૨૦-૨૧

## પ્રેરણા

**ડો. ટી.એસ.જોષી**

નિયામક, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

## માર્ગદર્શક

**દક્ષાબેન પી. પાઠક**

પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી

## કન્વીનર

**ભરતકુમાર બી. ડેર**

જિલ્લા ઈનોવેશન કો-ઓર્ડીનેટર

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી

## સંકલન

**હરેશકુમાર વી. ગોહેલ**

ઉપ શિક્ષક, નાનાગોખરવાળા

તા.અમરેલી

**ચંદ્રેશકુમાર બી. બોરીસાગર**

કે.આર.પી., અમરેલી

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## પ્રસ્તાવના

પરિવર્તન એ પ્રકૃતિનો નિયમ છે. શિક્ષણ એ પરિવર્તન પ્રક્રિયાનું શ્રેષ્ઠ માધ્યમ છે. શાળા કક્ષાએ શિક્ષણમાં અને શિક્ષકોમાં પરિવર્તન થતું રહે તે આવશ્યક છે .ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે શિક્ષણની નવી ક્ષિતિજો પ્રયોગો થકી જ ખુલે છે.શિક્ષણની પ્રક્રિયામાં નવીન પ્રયોગ કરવાનો ઉત્સવ એટલે એજ્યુકેશનલઈનોવેશન ફેસ્ટીવલ.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગરની પ્રેરણાથી જિલ્લા અને રાજ્ય કક્ષાએથી છેલ્લા પાંચ વર્ષથી એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવે છે.

વર્ષ:2020-2021માં કોરોનાની પરિસ્થિતિને કારણે ફિઝિકલ એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલનું આયોજન શક્ય ન હતું, ત્યારે ઓનલાઈન એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવેલ. સૌ પ્રથમ તાલુકા કક્ષાએ ઓનલાઈન ઈનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ૧૧ તાલુકાના ૬૧ શિક્ષકો પૈકી માધ્યમિકના–૩, ડાયેટના–૧ અને પ્રાથમિક શાળાના–૫૭ શિક્ષકોએ ભાગ લીધેલ. દરેક તાલુકા કક્ષાના ઈનોવેશનમાં તાલુકાનાં લાયઝનશ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બી.આર.સી.,સી.આર.સી. અને કે.આર.પી.ની ટીમ દ્વારા 50 ગુણમાંથી મૂલ્યાંકન કરવામાં અવેલ હતું .

તાલુકા કક્ષામાંથી પસંદ થયેલ ઈનોવેટિવ શિક્ષકો માટે જિલ્લા કક્ષાએ તારીખ : ૪/૧/૨૦૨૧ થી ૬/૧/૨૦૨૧ દરમ્યાન જિલ્લા કક્ષાના એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રાથમિકના ૩૧ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિકના–૩,ડાયેટના–૧ કુલ –૩૫ શિક્ષકો ભાગ લેવાના છે.

જિલ્લા કક્ષાએ રજૂ થનાર ઈનોવેટિવ વિચારોનું આ પુસ્તક દરેક શાળાઓ, શિક્ષકો સુધી પહોંચશે અને તેના દ્વારા કઈક નવતર પ્રયોગોની ક્ષિતિજો ખૂલશે તેવી શ્રદ્ધા સાથે પ્રતિભાવોની રાહમાં.

ભરતકુમાર બી. ડેર
જિલ્લા ઈનોવેશન કો–ઓર્ડીનેટર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમરેલી

દક્ષાબેન પી.પાઠક
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમરેલી



# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## અનુક્રમણિકા


| ક્રમ | ઈનોવેશનનું શીર્ષક | ઈનોવેટરનું નામ | પેજ નંબર |
|---|---|---|---|
| 1 | સેલ્ફ મોનિટરિંગ કાર્ડ | ગોહેલ હરેશકુમાર વલ્લભભાઈ | 4 |
| 2 | Online and Digital Education : Equitable Use of Technology | પરમાર યોગેશભાઈ મગનભાઈ | 5 |
| 3 | Digital classroom with energized text book | એન.આર. ચાંપાનેરી | 6 |
| 4 | જ્ઞાન આપના દ્વારે | મહેતા આશિષ કાન્તિલાલ | 7 |
| 5 | રમતા રમતા ગણિત શીખીએ | મકવાણા મહેશભાઈ બચુભાઈ | 8 |
| 6 | શાળા નર્સરી અને વૃક્ષારોપણ | હિરપરા નીતેશકુમાર વ્રજલાલ | 9 |
| 7 | અંગ્રેજી શીખીએ આપણી રીતે | ગજેરા ભાવનાબેન જયંતિલાલ | 10 |
| 8 | ઑન લાઇન ટેસ્ટ | મકવાણા હંસરાજ જીવણભાઈ | 11 |
| 9 | વર્ચ્યુયલ એક્ટિવિટી /ઓન લાઇન પરિણામ | રૂડાણી પ્રતિકભાઈ અરવિંદભાઈ | 12 |
| 10 | પ્રેરણાદાયી વાલી | વનરા નીલેશભાઈ ત્રિભોવનભાઈ | 13 |
| 11 | તાલુકા કક્ષાએ વર્ચ્યુયલ ક્લાસ | કાન્તીભાઈ ઝાંઝમેરા | 14 |
| 12 | મેમરીમંત્ર | કનાલા ધર્મેન્દ્ર અરજણભાઈ | 15 |
| 13 | હરતી ફરતી શાળા | કટકિયા રાઘવભાઈ ધનજીભાઈ | 16 |
| 14 | વર્ગીકૃત શાળાકીય દફતર | વાલા અનિરુધ્ધભાઈ ખોડુભાઈ | 17 |
| 15 | મેથ્સ કેલેન્ડર | ઘડુક સંદીપભાઈ ધીરુભાઈ | 18 |
| 16 | પ્રશ્નોકી દોસ્તી | સોલંકી ગીતાબેન આંબાભાઈ | 19 |
| 17 | એનિમેશન નિર્માણ દ્વારા ઑનલાઇન શિક્ષણ | મકવાણા આશિષકુમાર બટુકલાલ | 20 |
| 18 | રમતા રમતા શીખીએ | ચાવડા પરેશકુમાર મોહનભાઈ | 21 |
| 19 | કોવીડ–19 અને લોક જાગૃતિ | મણવર બાબુભાઈ મેઘજીભાઈ | 22 |
| 20 | દિવાળી પુરક સાહિત્ય (ધો.૧ અને ૨ પ્રજ્ઞા ) | દિક્ષિત કેતનભાઈ | 23 |
| 21 | મારી શાળાની બોલતી દીવાલો | આદ્રોજા હીનાબેન ડાયાભાઈ | 24 |
| 22 | હોમ લર્નિંગ અંતર્ગત વાંચન લેખન ગણન પુરક સાહિત્ય તેમજ પ્રવૃતિ ટી.એલ.એમ | શુક્લા નિષ્ઠાબેન વાસુદેવભાઈ | 25 |
| 23 | જ્ઞાન વર્ધક બૂક | બોરીચા મધુભાઈ કાથડભાઈ | 26 |
| 24 | અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નબેંક | સોલંકી પ્રકાશકુમાર દુદાભાઈ | 27 |
| 25 | સંસ્કૃત વિષય શીખવા માટે ગુજરાતની એકમાત્ર એન્ડ્રોઈડ એપ્લીકેશન | જાની નીરવભાઈ રસિકભાઈ | 28 |
| 26 | Performance Excellence’ | સિંઘલ લાલજીભાઈ ભીખુભાઈ | 29 |

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## અનુક્રમણિકા


| ક્રમ | ઈનોવેશનનું શીર્ષક | ઈનોવેટરનું નામ | પેજ નંબર |
|---|---|---|---|
| 27 | શાળા અને સમાજના સંકલન માટે બીજ બેન્ક | નાગલા સુરેશભાઈ ઘનજીભાઈ | 30 |
| 28 | Owns audio literature | ડૉ.ગોહિલ હિતેન્દ્રસિંહ કિરીટસિંહ | 31 |
| 29 | વરચ્યુયલ વિજ્ઞાન મેળો | આર.ડી.હેલૈયા | 32 |
| 30 | ગુજરાતી ભાષાનો વૈભવ | દવે શીતલબેન પ્રતાપરાય | 33 |
| 31 | કોવિદ 19 હોમ લર્નિંગ બહુવિધ આયામ | ડો.પ્રણવ જે. વ્યાસ | 34 |
| 32 | વાણી વર્તનમાં પરીવર્તન | વાળોદરા સંજયભાઈ | 35 |
| 33 | Pocket book maths & scince | દવે વરુણભાઈ અતુલભાઈ | 36 |
| 34 | 'શાળા બંધ છે, શિક્ષણ નહિ | જોશી પુજાબેન હર્ષદભાઈ | 37 |
| 35 | Online education | ઘોળકિયા મીતેશભાઇ બાબુભાઈ | 38 |


## જિલ્લા કક્ષાના ઈનોવેશન ફેસ્ટીવલમાં પસંદગી પામેલ કૃતિઓની સંખ્યા

| ક્રમ | તાલુકાનાં નામ | ઈનોવેશનની કેટેગરી વાઈઝ સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચ માધ્યમિક | ડી.એલ.એડ. | અન્ય | કુલ |
| 1 | અમરેલી | 3 | 1 | 0 | 0 | 1 | 5 |
| 2 | કુંકાવાવ | 3 | | | | | 3 |
| 3 | બગસરા | 3 | | | | | 3 |
| 4 | લાઠી | 2 | | 1 | | | 3 |
| 5 | લીલિયા | 3 | | | | | 3 |
| 6 | સાવર કુંડલા | 3 | | | | | 3 |
| 7 | ધારી | 3 | | | | | 3 |
| 8 | ખાંભા | 3 | 1 | | | | 4 |
| 9 | રાજુલા | 3 | | | | | 3 |
| 10 | જાફરાબાદ | 2 | | | | | 2 |
| 11 | બાબરા | 3 | | | | | 3 |
| | કુલ | 31 | 2 | 1 | 0 | 1 | 35 |

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## " સેલ્ફ મોનિટરિંગ કાર્ડ "



**ઈનોવેટરનું પૂરું નામ** : ગોહેલ હરેશકુમાર વલ્લભભાઈ

**શાળાનું નામ અને તાલુકો** : શ્રીનાનાગોખરવાળા પ્રા. શાળા  તા. અમરેલી, જી.અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નં** : ૯૯૭૯૪૦૫૬૧૫

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ**: hvgohel8623@gmail.com

આ વૈશ્વિક મહામારી કોરોનામાં ભારત સરકારશ્રી તરફથી માર્ચ મહિનામાં જ સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરીને આ મહામારીને રોકવા એક પ્રયાસ કર્યો હતો , જેના કારણે શાળાઓમાં પણ શૈક્ષણિક કાર્ય બંધ હતું. વાલીઓની દરરોજની ફરિયાદ આ (બાળક )કંઈ કરતો નથી. બાળક આખો દિવસ મોબાઈલમાં ગેમ રમે છે . આખો દિવસ ટીવી જોવે છે . લેસન જોતા જોતા ફિલ્મ જોવે છે , ગેમ રમે છે . આખો દિવસ સાઈકલ લે છે . સાહેબ હવે તમે ધ્યાન આપજો. હવે શાળા ક્યારે ખુલશે ? વગેરે જેવા પ્રશ્નોનુ નિવારણ કરવા કોરોનાને લીધે મુલાકાત સંભવ ન હોય બાળકોનું મોનિટરિંગ કેમ કરવું ?

એ માટે આ **કાર્ડ** A4 સાઈઝના ડ્રોઈંગ સીટમાં આગળ પાછળ પ્રિન્ટ કરવામાં આવેલ છે , તેને ફોલ્ડ પણ વાળી કરી શકાય છે. આગળની બાજુ બાળકની માહિતી, હોમ લર્નિંગનો લોગો, બાળકની માહિતી, વર્ગ શિક્ષક, આચાર્યનું નામ, મહિનો, જે તે, ધોરણનું ટીવી પ્રસારણ સમય પત્રક,વાલીઓને વિનંતી સુચના, આગળ પાછળની બાજુ ઉપર તારીખનું કોષ્ટક જેમાં બાળક જે પ્રવૃત્તિ કરી હોય તેના ઉપર વાલી દ્વારા ટીક અને નોંધ થાય કાર્ડ આગળ પાછળ પ્રિન્ટ કરેલ છે . ઉદાહરણ: જો ૪ તારીખે બાળકે દુરદર્શન પર કાર્યક્રમ જોયો તો એ તારીખની ઉભી કોલમમા ટીક થાય. શાળાના બાળકોના ગ્રુપમા દિક્ષાની લિંક કે પી.ડી.એફ ખોલીને બાળક જૂએ તો વોટ્સએપમા ટીક થાય. પાઠ્યપુસ્તકનો ક્યુ.આર.કોડ સ્કેન કરેછે તો એ કોલમ,તારીખમાં ટીક થાય અને યુ-ટ્યુબમાં જુએ તો તેમાં ટીક થાય , યુ-ટ્યુબની લિંક ખોલી જુએ તો તે તારીખના ખાનામા ટીક કરે , એટલે કે **SCE** જેવું , કેટલા પ્રયાસો કર્યા. વર્ગ શિક્ષકનો હેલ્પલાઈન નંબર છે તેમાં સવાલ જવાબ કરી શકે. આચાર્ય પણ આ કાર્ડ માગી તેમાં નોંધ કરી શકે. અને જો કોઈ પ્રવૃતિ , લેશન કરેલ ન હોય તો તેમાં આજે કંઈ પણ કરેલ નથી એવી નોંધ પણ કરે છે.

આ કાર્ડનું પરિણામ એ આવ્યું કે બાળકો ટીવી, મોબાઈલ, પાઠ્યપુસ્તકમાં ધ્યાન દઈ અભ્યાસ કરતા થયા. હોમ લર્નિંગ વિડીયો ધ્યાનપૂર્વક જોતા થયા છે. શિક્ષક જુએ , કોઈક આવશે અને કાર્ડ જુએ તો મારું ખરાબ દેખાશે તો , એટલે બાળકો એકાગ્ર થઈ અભ્યાસ કરતાં થયા , તે વધું ધ્યાન આપતા થયા છે. રખડવાનું સાઈકલ ફેરવવાનું ખૂબ ઓછું થઈ ગયું .શિક્ષક દ્વારા ફોન દ્વારા પણ કાર્ડ બાબતે પ્રશ્નોત્તરી કરે છે , એટલે વાલીઓ પણ સજાગ થઈ ગયા. બાળકોને દરરોજ પ્રશ્નોત્તરી કરી અને નોંધ રાખે છે. હાલ કોરોનાના સમયમાં બાળકો માટે આ કાર્ડ જ મોનિટર છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**" Online and Digital Education :**
**Equitable Use of Technology."**




**ઈનોવેટરનું પૂરું નામ** : પરમાર યોગેશભાઈ મગનભાઈ

**શાળાનું નામ અને તાલુકો** : એમ.એન.બાબરિયા ઉચ્ચતર માધ્યમિક શાળા વિઠલપુર. તા.જિ. અમરેલી.

**ઈનોવેટરનો મોબાઈલ નં** : ૯૪૨૮૧૯૧૫૭૬

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ**: payom.amreli@gmail.com


ટેક્નોલોજી એ ઈશ્વરે આપેલી અનમોલ ભેટ છે. "પરિવર્તન સંસારનો નિયમ છે."- શિક્ષણના ક્ષેત્રમાં પરિવર્તન આવશ્યક છે. નક્કી કરેલા ઉદ્દેશો સિધ્ધ કરવા માટે પ્રાચીન શિક્ષણવ્યવસ્થાથી નૂતન ટેક્નોલોજીકલ શિક્ષણ તરફ આકર્ષણ વધ્યુ છે.ત્યારે કોમ્પ્યુટર ,મોબાઈલ, લેપટોપ, અને ઇન્ટરનેટનો સહારો લઈ શિક્ષણ મેળવી રહેલા વિદ્યાર્થિઓ ચોક અને ટોકને સ્વીકાર કરતા નથી. તેથી જ તો ઉચ્ચનિક્ષણ મેળવી રહેલા વિદ્યાર્થિઓનું મુખ્ય ધ્યાન Smart Technology, artificial intelligence અને roboticsમાં છુપાયેલું છે.જે EDUCATION 4.0 એટલે કે ઔધોગિક / શૈક્ષણિક ક્રાંતિ તરિકે ઓળખાય છે.

શિક્ષણક્ષેત્રે નવ વિકાસ સાધવા માટે અને નવુંય સર્જન કરવા માટે પરિવવર્તન એ પુર્વ શરત ગણાય છે. 21મી સદી એટલે જ્ઞાનની સદી , ટેક્નોલોજીના ક્ષેત્રે નૂતન આવિષ્કારની અપેક્ષાઓની સદી અને આ સમયમાં પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચશિક્ષણ સુધી ડિજિટલ અને ઓન લાઇન શિક્ષણે પોતનો ડેરો જમાવ્યો છે. આજે ઉચ્ચશિક્ષણ પ્રક્રિયા દ્રશ્ય-શ્રાવ્ય શિક્ષણના વિશિષ્ટ ક્ષેત્રની મર્યાદા ઓળંગીને માસ - મીડીયા કોમ્યુનિકેશન એજ્યુકેશન નામકરણ અંતર્ગત હરણફાળ ભરી રહ્યુ છે. જે ડીજીટલ ક્રાતિ કસબને લીધે શક્ય બન્યું છે.

બાળકનાં હાથ,પગ અને હૈયું ચાલતા રહે તેવી કેળવણી આપવાની વાત ગાંધીજીએ કરી છે.અને વર્તમાન સમયમાં ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે ગાંધીજીના વિચારોનો અમલ કરી કૌશલ્યવર્ધન શિક્ષણ અને વ્યાવસાયિક શિક્ષણ આપવામાં આવી રહ્યા છે.પણ થોડીક ભિન્ન્તા જોવા મળે છે અને એ ભિન્ન્તા ડીજીટલ ક્રાંતિના કારણે અસ્તિત્વમાં આવેલા નૂતન ખ્યાલો વિશેની છે.

ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે આપવામાં આવતું શિક્ષણ એ મોર્ડન શિક્ષણ ગણી શકાય , કારણ કે ,આ શિક્ષણમાં કમ્પ્યુટર, લેપટોપ અને ટેબલેટ જેવા ડિજીટલ સાધનોની સાથે ઇન્ટરનેટનો સથવારો જોવા મળે છે. ઉચ્ચનિક્ષણ ક્ષેત્રે અધ્યેતાને આપવામાં આવતી પુસ્તકથી માંડીને તેના વાંચન , શિખવું, શિખવવું,લખાણ, મૂલ્યાંકન અને પરિણામ સુધીની તમામ પ્રક્રિયા ડિજીટલ રીતે ,એટલે કે, ICT અને જુદી-જુદી એપ્લિકેશનથી કરવામાં આવે છે. જેના કારણે ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પરિણામો હાંસલ થયા છે. તેથી પ્રસ્તુત કર્તાઓએ પ્રવર્તમાન સમયની જરૂરિયાત અને મહત્વને ધયાનમાં રાખીને 21 મી સદીનું ઉચ્ચ શિક્ષણ ડિજિટલ ક્રાંતિ એવો Online and Digital Education : Equitable Use of Technology. એ નૂતન વિષય પસદં કયો છે. એ Online and Digital Education વગર આપણો આર્થિક વિકાસ પણ થઈ શકતો નથી.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી



## " Digital classroom with energized text book"

**અધ્યાપકનું પૂરું નામ** : ચાપાનેરી નિલેશકુમાર રમેશચંદ્ર

**સંસ્થાનું નામ અને તાલુકો** : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નં** : ૯૮૭૯૪૯૯૫૬૫

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ**: nileshchapaneri2016@gmail.com

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં ઘણા વર્ષોથી ગણિત , વિજ્ઞાન તથા ટેકનોલોજીના અધ્યાપક તરીકે કાર્યરત છું. સંસ્થામાં ચાલતા બી.એડ્. અભ્યાસક્રમમાં અધ્યાપક તરીકે વિજ્ઞાન , ગણિત, આઇ.સી.ટી. જેવા વિષયોનું અધ્યાપન કાર્ય કરાવવાનું થાય છે. આ ઉપરાંત સમગ્ર વર્ષ દરમ્યાન રાજ્યકક્ષાની અનેકવિધ કામગીરી અર્થે બહાર રહેવાનું થાય છે. ત્યારે બી.એડ્.ના તાલીમાર્થીઓના તાસ નિયમિત લઈ શકાતા ન હતાં. અને અભ્યાસક્રમ પૂર્ણ કરવામાં મુશ્કેલી પડતી હતી. જેથી તાલીમાર્થીઓનો અભ્યાસક્રમ ન બગડે તે માટે જરૂરી સંદર્ભ સાહિત્ય પુરૂ પાડવામાં આવતું , જે મોટા ભાગે pdf સ્વરૂપમાં આપવામાં આવતું હતું. આ તમામ સાહિત્ય બધા તાલીમાર્થીઓ પુરુ વાંચતા ન હોય તેવું અનુભવ્યું.

સંશોધનો જણાવે છે કે pdf સ્વરૂપમાં આપવામાં આવતું સાહિત્ય સામાન્ય રીતે સેલફોનમાં ઓછું વંચાય છે કારણે તે સહજ વાચનક્ષમ હોતું નથી. આ જ કારણે તમામ સાહિત્યનું વાંચન થતું ન હતું તેવું અમે અનુભવ્યું.

આથી નિયમિત તાસ લેવાય અને સંદર્ભ સાહત્ય વાંચનક્ષમ બને તે બે સમસ્યાઓને ધ્યાને લઈ બી.એડ્. તાલીમાર્થીઓ માટે વાંચનસામગ્રી સહજ વાચનક્ષમ બનાવવી તેમજ તેમનો અભ્યાસક્રમ નિયત સમયપત્રક મુજબ જ ચાલતો રહે અને અધ્યાપકની ગેરહાજરી બાધારૂપ ન બને તેવું આયોજન કરવાનું વિચાર્યું.

- આ આયોજનના ભાગરૂપે ઓનલાઇન પ્લેટફોર્મ તરીકે ગુગલ ક્લાસરૂમનો ઉપયોગ કર્યો. જેમાં બંને વર્ષના બી.એડ્. તાલીમાર્થીઓ માટે જુદા જુદા વિષય માટે ક્લાસરૂમ Create કર્યા. જેમાં ...
- વિષય દિઠ સંદર્ભસામગ્રી વિવધ સ્વરૂપ (ટ્ક્સટ, વિડીઓ, પ્રેઝન્ટેશન, એનર્જાઈઝ્ડ ટેક્સ્ટ બુક)માં મૂકી. .
- તમામ સંદર્ભ સામગ્રીને પ્રકરણ મુજબ મુદ્દાસર યોગ્ય ક્રમમાં મૂકી.
- વિદ્યાર્થીઓને ઓનલાઇન એસાઇનમેન્ટ આપી અને ઓનલાઇન ચકાસણી કરી ઓનલાઇન ગ્રેડેશન કર્યું. તેમજ દરેક વિદ્યાર્થીનો પ્રગતિ રીપોર્ટ તૈયાર કર્યો.

આપવામાં આવતી વાંચનસામગ્રી સહજ વાચનક્ષમ બનાવવા માટે એનર્જાઈઝ્ડ ટેક્સ્ટ બુક રચી. જે ઈન્ટરેક્ટિવ છે, સેલફોનમાં ઓન સ્ક્રિન રીડેબલ છે, તેમાં મલ્ટીમિડીયાનો સમાવેશ કરી શકાય છે, ઓફલાઇન ઉપયોગ કરી શકાય છે, સેલફોન અને કમ્પ્યૂટર બંનેમાં ઉપયોગ કરી શકાય છે.

આમ ૧ ઓગષ્ટ ૨૦૧૯ થી શરૂ કરેલી પ્રવૃત્તિને લોકડાઉનની સ્થિતિમાં વધુ વેગ મળ્યો. આમ આ આયોજન મુજબના તાલીમાર્થીઓના નિયમિત તાસ લેવાનું અને સહજ વાચન સામગ્રી પુરૂ પાડવાનું કાર્ય ૧ એપ્રિલ ૨૦૨૦ થી શરૂ કરી હાલ કાર્યરત છે.. અને કોરોનાકાળમાં આ પદ્ધતિ ખૂબ લાભદાયક જણાઇ છે. હાલ દરેક વિદ્યાર્થી અધ્યાપકની ગેરહાજરીમાં પણ પોતાના સેલફોનથી પોતાના અનુકૂળ સમયે ઓફલાઇન તાસમાં જોડાઇ શકે છે. તાલીમાર્થીઓને Readable એનર્જાઈઝ્ડ ટેક્સ્ટ બુક પ્રાપ્ત થઈ છે. તાલીમાર્થીઓને સંદર્ભ સાહિત્ય વિવિધ સ્વરૂપમાં મળી શક્યું છે. તાલીમાર્થીઓને એસાઇનમેન્ટ તથા ક્વિઝ ચોક્કસ સમયમર્યાદાની અંદર સોંપી શકાય છે તથા તેનું મૂલ્યાંકન ઓનલાઇન થઈ રહ્યું છે. તાલીમાર્થીઓને ડિઝીટલ બુક પ્રાપ્ત થવાથી વાંચન કરવું વધુ અનુકૂળ બન્યું છે. સૌથી મહત્વની વાત એ છે કે અ મે html કોડિંગની મદદથી નિર્માણ કરેલી ડિઝીટલ બુકને સેલફોન અને કમ્પ્યૂટર ઉપરાંત Kindle book reader માં પણ વાંચી શકાય છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## “ જ્ઞાન આપના દ્વારે ”



**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી મહેતા આશિષ કાન્તિલાલ

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી જાળિયા પ્રાથમિક શાળા ,તા. જિ.- અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૯૪૨૯૧૮૪૫૪૩

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : mehtashish1@gmail.com

અમરેલી જીલ્લાના જાળિયા પ્રાથમિક શાળામાં છેલ્લા ૬(છ) વર્ષથી હું મુખ્ય શિક્ષક તરીકે મારી ફરજ બજાવું છું. પ્રાથમિક શાળાના બાળકોમાં ટેલેન્ટ રહેલું છે પરંતુ તેમને યોગ્ય પ્લેટફોર્મ સુધી લઈ જવા માટે યોગ્ય માર્ગદર્શનની જરૂર છે તે માટે છેલા છ વર્ષથી પ્રયત્નો કરું છું.

પ્રતિભા શોધ કસોટી દ્વારા બાળકોના જ્ઞાનને બહાર લાવવનો પ્રયત્ન કર્યો અને તેને રાજ્ય કક્ષાના ઈનોવેશનમા સ્થાન મળ્યુ. આ ઈનોવેશન ચાલુ જ હતું પરંતુ કોરોના મહામારીના લીધે અગાઉના આયોજન મુજબ કામ કરવું મુશ્કેલ અને ખર્ચાળ જણાતા તેમના વિકલ્પ રૂપે એક નવો નવતર પ્રયોગ શરુ કરવામાં આવ્યો "**<u>જ્ઞાન આપના</u> <u>દ્વારે</u>**" આ પ્રયોગમાં ધોરણ ૬ થી ૮ ના તમામ બાળકને તેમની કક્ષા અનુસાર અઠવાડિયામાં એકવાર ઓનલાઈન કસોટી, સંગીત અને ચિત્ર સાથે લેવાનું નક્કી કર્યું.આ ઉપરાંત રવિવારના રોજ વર્ચ્યુઅલ ક્લાસ દ્વારા પણ બાળકો સાથે સંપર્ક કરી તેમની મુશ્કેલીઓ દુર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. બાળકોમાં સામાન્ય જ્ઞાનની સાથે ભારતીય કલા અને સંસ્કૃતિ અને વિજ્ઞાનથી પરિચિત થાય તે પ્રકારની કસોટીનું આયોજન કરવામાં આવે છે. આ કસોટીની લીંક વિવિધ સોશીયલ મીડિયા મારફત બાળકો સુધી પહોચતી કરવામાં આવે છે. આ કસોટીથી બાળકોના જ્ઞાનમાંમાં વધારો થયો અને ઘર બેઠા ઓનલાઈન શિક્ષણમાં રસ દાખવતા થયા.

સમગ્ર ગુજરાતમાં અનેક લોકો દ્વારા ઓનલાઈન ટેસ્ટ બનાવવામાં આવે છે પરંતુ ચિત્ર પરથી જ્ઞાન અથવા જ્ઞાન પરથી ચિત્રની ઓળખ આ પ્રકારની વિશિષ્ટ કસોટી બાળકો માટે રસપ્રદ બને તેવો પ્રયત્ન કરવામાં આવેલ છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## "ચાલો રમતા રમતા ગણિત શીખીએ"

## યુ–ટ્યુબ ચેનલ ધો.6 થી 8




**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી મકવાણા મહેશભાઇ બચુભાઈ

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી ભોજલપરા પ્રાથમિક શાળા તા., જિ. અમરેલી.

**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૮૩૪૭૦૬૦૧૧૪

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : makwanamaheshb@gmail.com


અમરવેલી નગરમાં જાણે પ્રકૃતિની ગોદમાં હોય એવી અમારી નાનકડી શાળા શ્રી ભોજલપરા પ્રાથમિક શાળા. અમારી શાળામાં ધોરણ 6 સુધીના જ વર્ગો હતા ત્યારબાદ ધોરણ 8 સુધીના વર્ગો થતાં મારી બદલી શ્રી ભોજલપરા પ્રાથમિક શાળામાં થઈ. ધોરણ 6 થી 8માં હું એક માત્ર શિક્ષક એટ્લે વિષયોનું ભારણ વધ્યું એટ્લે કમ્પ્યુટરના માધ્યમથી ભાષા જેવા વિષય શીખવતો હતો અને ગણિત, વિજ્ઞાન , સામાજિક વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયો હું જાતે શીખવતો, પરંતુ કોરોના મહામારીને કારણે જ્યારે શાળામાં ભૌતિક શિક્ષણ બંધ થયું ત્યારે જે વિદ્યાર્થીઓના વાલી પાસે સ્માર્ટ મોબાઈલ ફોન હતા તેમની મુલાકાત અમારા ઉત્સાહી આચાર્યશ્રી મુકેશભાઇ નાકરાણીને સાથે રાખી લીધી. ત્યારે વિદ્યાર્થીઓને ટચેબલ QR કોડ વાળી PDF માથી ઘરે રહીને જાતે જે તે વિષયના ચિત્રને અડવાથી વિડીયો, યુ ટ્યૂબમાં ઓપન કરી અભ્યાસ કરતાં શીખવ્યું. પરંતુ એ PDF અંદર ધોરણ 6 થી 8 ના ગણિત વિષયના પ્રકરણો ઉપલબ્ધ ન હતા.

એક દિવસ અમારા સીઆરસી કુલદીપભાઈ દેવમુરારી શાળાની મુલાકાતે આવ્યા ત્યારે તેમણે KINE MASTER મોબાઈલ એપ્લીકેશનથી ગણિત વિષયના વિડીયો બનાવીને યુ ટ્યૂબમાં અપલોડ કરવા અંગેનું માર્ગદર્શન આપ્યું. અમે તા. 6 જુલાઇ 2020 ના રોજ પ્રથમ વિડીયો બનાવી યુ ટ્યૂબ પર અપલોડ કર્યો અને એની લિંક કુલદીપભાઈને મોકલી આપી તો તેઓએ એડિટ કરેલ વિડિયોની લિન્ક મને મોકલી એમાથી થોડું જ્ઞાન મેળવી વિડીયો એડિટ કરતાં શીખ્યો. અને એક પછી એક વિડીયો નિર્માણ કરી અને યુ ટ્યુબ પર વિડીયો અપલોડ કરતો ગયો. અત્યાર સુધીમાં મારી ચેનલમાં અંદાજે ૧૫૦ જેટલા વિડીયો ઉપલબ્ધ છે. અને વિડીયો ઉતરવાનું અને અપલોડ કરવાનું કામ હાલમાં ચાલુ જ છે.

અમારા આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ શાળાનું વોટ્સએપ ગ્રૂપ બનાવવામાં આવ્યું છે એમાં નિયમિત રૂપે હોમ લર્નિંગની લિંકની સાથે સાથે મારા વિડિયોની લિંક પણ મુકવામાં આવે છે તેથી હવે વિદ્યાર્થીઓ બીજા વિષયોની સાથે ગણિત વિષય પણ સરળતાથી એના ઘરે સલામત રીતે શીખી શકે છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## "શાળા નર્સરી અને વૃક્ષારોપણ "



**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી હિરપરા નિતેશકુમાર વ્રજલાલ

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી દેવગામ પે.સે.શાળા, તા. કુંકાવાવ, જિ.અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૯૯૧૩૮૮૦૦૫૦

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : niteshhirpara84@gmail.com

શ્રી દેવગામ પે.સે.શાળા તા- કુંકાવાવ ,જિ-અમરેલી વર્ષ -2014 માં નોકરીમાં આવ્યા પછી જ શાળાનું કેમ્પસ, ગામના રસ્તાઓ, ગામની સંસ્થા,પંચાયત ,સ્મશાન જેવી જગ્યાઓ પર શાળા પરીવાર તથા જાગૃત ગામલોકો દ્વારા વૃક્ષારોપણ પ્રવૃતિ થાય છે.

દર વર્ષે 5 જૂનના દિવસે શાળાના દરેક બાળકને એક વૃક્ષ અને તેના ઉછેરની શપથની જવાબદારી સાથે વૃક્ષરોપણ ઘર, વાડી, શાળા, અવાવરુ જગ્યા, રસ્તા કે શેરીમાં વાવેતર કરવાનું જણાવવામાં આવે છે. પ્રાર્થના સંમેલનમાં સતત વ્યકિગત મહિનામાં બે વખત ફરી તેની પાસે જરૂરી વૃક્ષના વિકાસ માટેની પ્રવૃતિ અને પરિસ્થિતી ચર્ચા કરવામાં આવે છે.

વૃક્ષોના ઉછેરની સાથે બાળકમાં સંપ, સહકાર, પ્રેમ, લાગણી અને સેવાકીય ગુણો આપમેળે વિકસે છે. આ પ્રવ્રુતિને વધુને વધુ વેગવંતી બનાવવા માટે અને શાળા નર્સરી નિર્માણ માટે જંગલખાતાના અધિકારી પાસે પરમીશન માંગેલ છે. આશરે 6000 જેટલા વૃક્ષોનાં રોપા નિર્માણ થાય તેવી દરખાસ્ત શાળામાં કરેલ છે. ટૂંકમાં તે બાબતે પરમીશન મળશે.

આ પ્રવૃતિ દ્વારા બાળકોના વ્યવહાર , લાગણી , સબંધ , સેવાકીય ભાવોમાં ઉમદા વિકાસ થયેલ છે. ઉપરોક્ત પ્રવૃતિમાં ગામ આગેવાનો , એ.એમ.સી. તથા સભ્યો ,ગામના સેવાર્થી લોકોનો પણ સહયોગ મળેલ છે.શાળા નર્સરી અને વૃક્ષારોપણ દ્વારા બાળકને જવાબદાર પર્યાવરણપ્રેમી તથા સંવેદનાઓનું નિર્માણ થાય છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## " અંગ્રેજી શીખીએ આપણી રીતે "




**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી ગજેરા ભાવનાબેન જયંતિલાલ

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી અનીડા પ્રા.શાળા તા. કુંકાવાવ જી. અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૮૧૪૦૩૮૪૪૩૦

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : bhavnagajera95@gmail.com


શિક્ષક એ "નાવિન્ય પ્રવાહો" સર્જિત નિરંતર પ્રક્રિયા છે. આ નાવિન્ય પ્રવાહોમાં પ્રાણતત્વો ઉમેરી ચેતનાત્મકતા પ્રગટાવવાને બાળકોના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેનારા "ચિત્રકૂટ ઍવોર્ડ" , "ગુરુગૌરવ ઍવોર્ડ", "તાલુકાકક્ષા ઍવોર્ડ" પ્રતીભાશાળી પ્રમાણપત્ર પ્રાપ્ત કરી ચૂકેલ શ્રી ગજેરા ભાવનાબેન જયંતિલાલ શ્રી અનીડા પ્રા.શાળામાં ફરજ બજાવે છે. Covid - ૧૯ જેવી વૈશ્વિક મહામારી જેવા મુશ્કેલી ભર્યા સમય માં શાળા બંધ છે. શિક્ષણ કાર્ય નહીં – શિક્ષણમાં સાતત્ય જળવાઈ રહેને જટિલ લગતા અંગ્રેજી વિષય પ્રત્યે અરુચિ અને નેગેટિવ વિચારો દૂર કરવા ધો. ૬ થી ૮ ના વિધાર્થીઓમા કુતુહલતા , જિજ્ઞાશા, મૌલિક વિચાર શક્તિ ને પોઝિટિવ દૃષ્ટિકોણ કેળવવા તે હેતુ સિધ્ધ કરવા માટે નવતર પ્રયોગ હાથ ધરાયો જેમાં

- Operation Hand Writing
- Stage work step by step શીખવવું
- Missing Letters

જેવી વિવિધ પ્રવૃતિઓ ને પાઠ્ય પુસ્તકમાં અભ્યાસમાં મૂંઝવતા પ્રશ્નોનું શરળીકરણ અને સહજતાથી શિખતા જોવા મળ્યા. આમ વિવિધ પ્રવૃતિના માધ્યમ થી વાંચન લેખન અભિવ્યક્તિ ક્ષમતામાં સુધારો જોવા મળતો જણાયો સક્રિય ભાગીદારી નોંધાવતાં જોવા મળ્યો. અંગ્રેજી ભાષાને સહજ શરળ રીતે શીખવાનો આ નવતર વિચાર ચોક્કસ પરિણામ લક્ષી પામ્યો છે.

"બાળકો સર્જન છે. તેને પથદર્શકની જરૂર છે શીખવાની નહીં"

ઉપરોક્ત યુક્તિ સાર્થક બની છે.

"Let's self learn English"

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## "ઓનલાઈન ટેસ્ટ "

( સામાજિક વિજ્ઞાન ધોરણ:- 6 થી 8 તમામ યુનિટ )




**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી મકવાણા હંસરાજ જીવણભાઈ

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી તરઘરી પ્રાથમિક શાળા તા. કૂંકવાવ , જિ.અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૯૭૨૫૫૯૩૬૯૦

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : hansraj12589@gmail.com


અમરેલી જિલ્લાની વાયવ્યે સરહદે અને રાજકોટ જિલ્લાની બોર્ડરે આવેલું 1200 જેટલી વસ્તી ધરાવતું નાનકડું તરઘરી ગામ.ગામની ઉતરે આવેલી કુદરતના ખોળે ખીલેલી,ઘટાદાર વૃક્ષો વચ્ચે આવેલી શ્રી તરઘરી પ્રાથમિક શાળા. અમારી શાળા બાળકો માટે સ્વર્ગના દરિયા સમાન.

કોરોના મહામારી પહેલા શાળામાં હું ધોરણ 6 થી 8 સામાજિક વિજ્ઞાન વિષયમાં દરેક યુનિટની 25 માર્કસની કોમ્પ્યુટરરાઈઝડ ઈનપેપર ટેસ્ટ લેતો હતો.આ ટેસ્ટનું માળખું આ મુજબ છે.5 ગુણનાં વિકલ્પો, 3 ગુણની ખાલી જગ્યા, 2ગુણનાં ખરાં કે ખોટાં,10 ગુણનાં એક- બે વાક્યનાં પ્રશ્નોનાં જવાબ અને 5 ગુણનો મુદ્દાસર પ્રશ્નનો જવાબ લખવાનો હોય છે. આ ટેસ્ટનું પરિણામ પણ ખૂબ જ સારું મળ્યું છે. તેમજ બાળકો વિકલ્પથી માંડી મુદ્દાસર પ્રશ્નના જવાબ લખવાની શરૂઆત નાના ધોરણથી થાય તે ખૂબ જ મહત્વની બાબત છે.

કોરોનાની મહામારી વચ્ચે' શાળા બંધ છે પરંતુ શિક્ષણ નહીં' એ વિચાર પર સરકાર દ્વારા જૂન મહિનામાં દરેક વિદ્યાર્થીઓને પોતાનો ઈમેઈલ અને પાસવર્ડ આપવામાં આવ્યાં. અને microsoft teams એપ્લિકેશનનાં માધ્યમથી જૂન(નવું સત્ર વર્ષ:- 2020/21) મહિનામાં વર્ચ્યુઅલ કલાસની શુભ શરૂઆત કરી.હું દરરોજ સામાજિક વિજ્ઞાન વિષયનાં ધોરણ:- 6, 7 અને 8માં 45 મિનિટનો તાસ લેવાનું ચાલું કર્યું.ધોરણ 6 થી 8નાં 65% બાળકો દરરોજ ઓનલાઈન શિક્ષણમાં જોઈન થઈ અભ્યાસ કરે છે.દરેક ધોરણમાં 1-1 સામાજિક વિજ્ઞાનમાં યુનિટ પણ પુરા કર્યા.પણ બાળકોને વર્ચ્યુઅલ કલાસમાં કરાવેલા અધ્યાપનનું મૂલ્યાંકન કેવી રીતે કરવું, પ્રત્યક્ષ ટેસ્ટ લઈ શકાય એવી પરિસ્થિતિ ન હતી.આવાં વિકટ સમયમાં મૂલ્યાંકન માટે શું કરી શકાય તે મારા માટે મોટી અને ગંભીર સમસ્યા હતી.

આવાં સમયે મેં ગૂગલ ફોમનો ઉપયોગ કરી ઓનલાઈન ટેસ્ટ લેવાનું શરૂ કર્યું. સામાજિક વિજ્ઞાન વિષયનાં યુનિટનો અભ્યાસ ચાલું હોય ત્યારે નવરાશનાં સમયમાં હું જે તે યુનિટમાંથી વધુમાં વધુ પ્રશ્નો કાઢી એક ચોપડામાં લખતો હતો,સાથે તેમનો 1 સાચો વિકલ્પ અને 3 નજીકના જવાબનાં વિકલ્પો પણ વિચારીને લખતો હતો. દરેક યુનિટમાંથી વધુમાં વધુ પ્રશ્નો નીકળે, આખા યુનિટનાં અભ્યાસક્રમને મહત્વ અને ન્યાય મળે એ માટે થઈ હું દરેક યુનિટમાંથી વધારે પ્રશ્નો કાઢતો હતો.સાથે NASની પરીક્ષામાં પુછાય તેવાં પ્રશ્નો પણ. કાઢતો હતો.ટેસ્ટની લિંક બનાવી જે ધોરણની ટેસ્ટ હોય તે ધોરણનાં whatsapp ગ્રુપમાં મુકુ છું.

બાળકને ઓનલાઈન ટેસ્ટ આપવાનો અનેરો આનંદ હોય છે.કારણ કે બાળકને mobile વાપરવો ખૂબ જ ગમતો હોય છે.બાળક ટેસ્ટની જાતે લિંક ખોલી પોતાની જરૂરી માહિતી ભરી ટેસ્ટ આપવાનું શરૂ કરે છે.આખી ટેસ્ટ પુરી થાય એટલે submit બટન પર ક્લિક કરવાથી તમારી ટેસ્ટ સફળતાપૂર્વક submit થઈ ગઈ છે.તરત જ મુખ્ય પેઈઝ ઉપર view score લખેલું આવશે. તેનાં પર ક્લિક કરવાથી વિદ્યાર્થીએ કુલગુણ માંથી કેટલાં ગુણ પ્રાપ્ત કરેલાં છે તે વિદ્યાર્થી જોઈ શકશે.આ રીતે ટેસ્ટ આપતાની સાથે જ તરત પરિણામ મળી જાય છે.માટે જ મેં આ ટેસ્ટનું સૂત્ર રાખ્યું હતું- **' હાલ ટેસ્ટ આપો,હાલ પરિણામ મેળવો'**.ટેસ્ટ આપવામાં ક્યારે પણ આળસ કરતાં નથી.કારણ કે તેમને ભાવતું ભાણું મળી ગયું. આ ટેસ્ટ બાળક પહેલી વખત આપે ત્યારે ઓછાં ગુણ આવે તો બીજી વાર પોતાની ભૂલ સુધારીને ટેસ્ટ આપી શકે છે.આ રીતે બાળક સતત મહાવરો કરે એટલે વિષયમાં પાવરધો બની જાય છે.

બાળક પોતાની જવાબદારી પૂર્ણ કરી દે પછી મારી જવાબદારી છે. હું ગૂગલ ડ્રાઈવમાં response ચેક કરું છું.તેમાં ક્યાં બાળકે ટેસ્ટ આપી છે કે નથી આપી તેની મને માહિતી મળે છે.તેમજ બાળકને ક્યો પ્રશ્ન ખોટો છે તેની પણ મને માહિતી મળે છે. જેટલાં બાળકોએ ટેસ્ટ આપી હોય તે બધાં જ બાળકોનાં response સેવ થાય છે.અને તમે ગમે ત્યારે જોઈ શકો છો.જે બાળકે ટેસ્ટ નથી આપી તેને whatsapp કે ફોન દ્વારા જાણ કરી ટેસ્ટ આપવાનું કહું છું. જે વાલી કે વિદ્યાર્થીઓ પાસે એન્ડ્રોઈડ ફોન નથી તેવાં બાળકોને તેમનાં મિત્રોનાં ફોનમાં ટેસ્ટ અપાવવાનો પ્રયત્ન કર્યો છે.

આમ કોરોના મહામારીનાં વિકટ સમયને ધ્યાનમાં રાખીને બાળકોનું ભવિષ્ય ન બગડે તેની ચિંતા કરીને વર્ચ્યુઅલ કલાસ અને તેમનું મૂલ્યાંકન ( ઓનલાઈન ટેસ્ટ )કરવામાં મેં જરા પણ પાછી પાની કરી નથી.અંતે આ ટેસ્ટનું પરિણામ ખૂબ જ સારું મળ્યું છે.આ ટેસ્ટ વધુમાં વધુ બાળકો સુધી પહોંચે તે માટે થઈ સામાજિક વિજ્ઞાન વિષયનાં whatsapp ગ્રુપમાં મુકું છું. તેમજ મારા whatsappનાં સ્ટેટ્સમાં પણ આ ટેસ્ટ મુકું છું. જો શાળાનું બાળક ખુશ હશે તો જ શિક્ષકને પોતાનાં કાર્યનો સંતોષ થાશે.

અંતે જીતેન્દ્ર અઢિયાની એક પંક્તિ યાદ આવે છે. વિજેતાઓ અલગ કામ કરતાં નથી પરંતુ વિજેતાઓ અલગ રીતે કામ કરે છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## " વર્ચુઅલ એક્ટીવીટી "



**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી રૂડાણી પ્રતિકકુમાર અરવિંદભાઈ

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી મોટા સમઢીયાળા પ્રાથમિક શાળા,તા.ખાંભા ,જિ. અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નંબર:** ૯૪૨૯૫૫૯૩૦૮

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : rudanip@gmail.com

કોરોનાની આ વૈશ્વિક મહામારીમાં ભારતમાં સરકારશ્રી તરફથી માર્ચ મહિનામાં જ સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરીને આ મહામારીને રોકવાનો એક પ્રયાસ કર્યો હતો , જેના કારણે શાળાઓમાં પણ શૈક્ષણિક કાર્ય બંધ હતું. માર્ચ મહિનાથી લાગુ પડેલ લોકડાઉનના કારણે શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ હતું જેથી શાળા અને વિદ્યાર્થીઓનો સીધો સંપર્ક તૂટી ગયો હતો. અને બાળકો શિક્ષણ સિવાયની પ્રવુતિઓમાં વધુ ધ્યાન આપતા હતા. એ પણ મોબાઈલમાં વધારે સમય બગડતા હતા જેવી ઘણા વાલીઓની ફરિયાદ પણ રહેતી હતી.

બાળકોને ટેકનોલોજીદ્વારા અને તેનો સદુપયોગ થાય તે માટે શાળાના શિક્ષક પ્રતિકભાઈ રૂડાણીએ દરેક બાળક મોબાઈલનો સદઉપયોગ કરે અને તેને જ્ઞાન સાથે ગમ્મત મળી રહે તેવું કાર્ય આપવાનું નક્કી કર્યું. જેના માટે online website www.h5p.org ના ઉપયોગથી નીચે મુજબની વિવિધ ગેમ બનાવી whatsappના માધ્યમથી બાળકોના મોબાઈલમાં મોકલવામાં આવતી જે પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.

- નકશાપૂર્તિ (અમરેલી, ગુજરાત, ભારત, અને વિશ્વના નકશા પૂર્તિ), સ્પેલિંગ શોધ , ખાલી જગ્યા.
- વર્ગીકરણ, ચિત્ર જોડ, ગણિતના દાખલાઓ (સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર) ચિત્ર શોધ.

જેવી વિવિધ ગેમ પઝલ સ્વરૂપે આપવામાં આવતી હતી. જે દરેક ગેમ ડ્રેગ અને ડ્રોપ આધારિત હતી જેમાં બાળકો ગમ્મત સાથે જ્ઞાન પણ મેળવી શકતા હતા.

## " ઓનલાઈન પરિણામ "

કોરોનાની આ વૈશ્વિક મહામારીમાં ભારતમાં સરકારશ્રી તરફથી માર્ચ મહિનામાં જ સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરીને આ મહામારીને રોકવાનો એક પ્રયાસ કર્યો હતો , જેના કારણે શાળાઓમાં પણ શૈક્ષણિક કાર્ય બંધ હતું. માર્ચ મહિનાથી લાગુ પડેલ લોકડાઉનના કારણે શાળાઓમાં વાર્ષિક કસોટીઓ લેવાયેલી હતી નથી જેથી સરકારે તમામ બાળકોને માસ પ્રમોશન વર્ગબઢતી આપવાનો સરાહનીય નિર્ણય કરવામાં આવ્યો.

શાળાના તમામ બાળકોને માસ પ્રમોશનથી વર્ગ બઢતીતો આપવામાં આવી હતી. પરંતુ તેમનું પરિણામ તેમને પહોચાડવું એક કઠીન કાર્ય હતું કેમકે પરિણામ લેવા માટે બાળકોને શાળામાં બોલાવવા તેમના આરોગ્ય માટે ખૂબ જ જોખમકારક હતું. અને મોટા સમઢીયાળા જેવી મોટી શાળામાં બાળકોની સંખ્યાને ધ્યાનમાં રાખતા દરેક બાળકને તેમના ઘરે ઘરે જઈને પરિણામ પહોચાડવું મુશ્કેલ અને બાળકો અને શિક્ષકો બંને પક્ષે જોખમી જણાતું હતું.

આ મુશ્કેલીના ઉકેલ રૂપે મોટા સમઢીયાળા પ્રા. શાળાના શિક્ષકશ્રી પ્રતિકભાઈ રૂડાણી એ તેમની શાળાની સમગ્ર ટીમ ના સહકાર થી એવો નિર્ણય લીધો કે દરેક બાળકને બોર્ડના પરિણામ મુજબ તેમના મોબાઈલમાં જ જો તેમનું પરિણામ પહોચાડવામાં આવે તો બાળક તેની ઘરેથી જ તેમનું વાર્ષિક પરિણામ પ્રાપ્ત કરી શકે.

આ નિર્ણયની અમલવારી માટે ઓનાલાઈન સંશોધન ચાલુ કરતા એક webhost વેબસાઈટ મળી જેની મદદથી આ પ્રકારનું પરિણામ બનાવી શકાય. આ વેબસાઈટમાં થોડું કોડીંગ કરવું પડે તેમ હતું કારણે કે આ પરિણામ પ્રાથમિક શાળાના બાળકને આપવાનું હતું અને તે એકદમ સરળ રીતે મેળવી શકે તે પણ ધ્યાન રાખવાનું હતું. જે માટે પ્રતિકભાઈ એ તેમના એક મિત્ર ઉમેશભાઈ પટેલનો સંપર્ક કરતા તેઓ એ આ વેબ સાઈટ પર કોડીગ કરી આપવાની તૈયારી બતાવી. અને દરેક બાળકનું રીઝલ્ટ પ્રતિકભાઈ અને ઉમેશભાઈ દ્વારા ૨ દિવસની મહેનત બાદ ઓનલાઈન મૂકી દેવામાં આવ્યું. જેમાં બાળકોએ માત્ર પોતાનું ધોરણ અને હાજરી પત્રક નંબર નાખી તેનું પરિણામ જોઈ શકતા હતા.

આ પરિણામની વેબસાઈટની લિંક બાળકોને whatsappના માધ્યમથી પહોચાડવામાં આવી જે લિંક ખોલવા માત્રથી સીધા જ પરિણામ ના પેજ પર આવી જતા હતા જ્યાં તેમણે માત્ર પોતાનું ધોરણ અને હાજરી પત્રક નંબર નાખતા તેમનું પરિણામ આવી જતું હતું. જેમાં તેઓને વિષય મુજબ ગુણ ગ્રેડ અને ટકાવારી પણ મળી રહેતી હતી.

આ રીતે શાળાના ધોરણ ૩ થી ૮ ના કુલ ૨૧૯ વિદ્યાર્થીઓમાંથી ૧૮૩ વિદ્યાર્થીઓએ ઓનલાઈન પરિણામ ચેક કર્યું હતું. જે શાળામાંટે ખૂબ ઉત્સાહની વાત હતી.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## ' પ્રેરણાદાયી વાલી મુલાકાત '



**ઈનોવેટરનું પૂરું નામ** :શ્રી નિલેશકુમાર ત્રિભોવનભાઇ વનરા

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી ઇંગોરાળા પ્રાથમિક શાળા. તા. ખાંભા ,જિ.અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નંબર**: ૯૪૨૬૫૫૪૭૫૧

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : crc.amr.khambha.ingorala@gmail.com

જુન 2020માં શાળા શરુ થઇ અને લોકડાઉનના કારણે વિદ્યાર્થીઓ ઘેર હતા ત્યારે તેમ ની રુબરુ મુલાકાત દરમિયાન અને તેમની સાથે સંવાદ કરતી વખતે ખયાલ આવ્યો કે ઘણા બાળકો ઓનલાઈન અભ્યાસ કરતા નથી. વળી ધોરણ 8 થી 9માં ટ્રાંજિશનરેટ પણ વધારે જોવા મળતા આ બાકી રહેલા બાળકો શા માટે ધોરણ 9 માં પ્રવેશ લેતા નથી ? તે જાણવા વાલી મુલાકાત કરવાનું વિચાર્યું.

જૂન માસના અંતે ધોરણ 8માં કુલ 120 વિદ્યાર્થીઓમાંથી 73 વિદ્યાર્થીઓએજ ધોરણ 9માં એડ્મિશન લીધુ હતું. આ પ્રયોગમાં દરેક શાળાના આચાર્ય અને વર્ગ શિક્ષકોને જોડવામાં આવ્યા હતા. નિયમિત ટેલિફોન અને રુબરુ વાલી મુલાકાત દ્વારા એડમિશન ક્યાં લીધું ? અથવા ક્યારે લેશે ? તેનું ફોલોઅપ લેવામાં આવતું. અને આના પરિણામે લગભગ જુલાઈ માસમાં વધારે મોટાભાગના બાળકોના એડમિશન થયા. હવે જે બાકી હતા તેમના વાલીને આચાર્ય સાથે રુબરુ મુલાકાત કરી માર્ગદર્શન આપી પ્રવેશ મેળવવા સમજાવ્યા. કન્યાઓને રાજ્ય સરકાર દ્વારા મળતા લાભ વિશે જણાવી પ્રવેશ મેળવવા પ્રોત્સાહન આપવામાં આવ્યું. સાથો સાથ નજીકની માધ્યમિક શાળાના આચાર્ય સાથે મુલાકાત કરી તેમને પણ આ બાળકોને મળવા જવા કહ્યું અને પરિણામે લગભગ 92% બાળકોએ પ્રવેશ મેળવ્યો. આમ વાલી મુલાકાત પ્રેરક બની રહી.

| શાળાનું નામ | ધોરણ 8 ની રજિ.સંખ્યા | ધોરણ 9માં પ્રવેશ મેળવેલ સંખ્યા (30 જુન સુધીમાં ) | ધોરણ 9માં પ્રવેશ મેળવેલ સંખ્યા ( 30 સપ્ટેંબર સુધીમાં ) |
|---|---|---|---|
| ઈંગોરાળા | 27 | 19 | 26 |
| નાની ધારી | 17 | 12 | 17 |
| રુગનાથપુર | 13 | 4 | 9 |
| મોટા સમઢિયાળા | 29 | 19 | 25 |
| ભાડ | 9 | 5 | 9 |
| વાંકિયા | 14 | 7 | 12 |
| જીકિયાળી | 11 | 7 | 11 |
| કુલ | 120 | 73 | 109 |

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## ' ઘેર ઘેર શિક્ષણ '



**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી સોલંકી શૈલેશકુમાર ધીરુભાઈ
**શાળાનું નામ અને તાલુકો** : શ્રી મોટા બારમણપ્રાથમિક શાળા તા. ખાંભા ,જિ.અમરેલી
**ઈનોવેટરનો મોબાઈલ નંબર:** ૯૭૨૫૫૩૬૫૦૦
**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ:** sdsolanki84@gmail.com

કોરાનાની આ વૈશ્વિક મહામારીમાં ભારતમાં સરકાર શ્રી તરફથી માર્ચ મહિનામાં સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરીને આ મહામારીને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેના કારણે શાળામાં શિક્ષણ કાર્ય બંધ હતું.

માર્ચ મહિનાથી લાગુ પડેલ લોકડાઉનના કારણે શાળાઓમાં શિક્ષણ જૂન મહિનાથી બાળકોને ઓનલાઈન શિક્ષણ આપવાનું ચાલુ કર્યું. તેમાં બાળકોને વર્ચ્યુઅલકલાસ દ્વારા શિક્ષણ તેમજ શાળામિત્ર એપ દ્વારા તેમજ દીક્ષા એપ દ્વારા બધા બાળકોને શિક્ષણ આપવું કઠિન બની ગયું હતું.કેમ કે બધા બાળકો પાસે મોબાઈલ કે ટીવી જેવી સુવિધા ઉપલબ્ધ નહોતી તેથી શાળામાં બેઠા બેઠા વિચાર આવ્યો કે " શાળા બંધ છે શિક્ષણ નહી " આ સુત્ર અનુસાર બાળકોને ઘરે ઘરે શિક્ષણ આપવાનો વિચાર આવ્યો.

આ મુશ્કેલીના ઉકેલ રૂપે શાળાના આચાર્યશ્રી શૈલેશકુમાર સોલંકીએ તેમની શાળાની સમગ્ર ટીમના સહયોગથી એવો નિર્ણય લેવામાં આવ્યો કે જે બાળકોને ઘરે ટીવી કે મોબાઈલની સગવડ નથી. તેમણે ઘરે ઘરે જઈ શિક્ષણ પહોચાડવાનું કામ હાથ ધરવામાં આવ્યું.

ઉપરોકત સમસ્યાના ઉકેલરૂપે શ્રી મોટા બારમણ પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૮ ના ૩૧૮ બાળકોને ઓન લાઈન શિક્ષણ થી પહોચી વળાય એમ નહોતું. દરેક બાળકોને વિધાર્થીને ઘરે શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થાય અને કોવિડ-૧૯ની ગાઈડ લાઈનનું સંપૂર્ણ પાલન થાય તે રીતે સોશ્યલ ડિસ્ટન્સને ધ્યાનમાં રાખી ,ફરજિયાત માસ્ક પહેરીને સવારે ૮:૩૦ વાગ્યાથી ૧૧:૩૦ વાગ્યા સુધી શિક્ષણ કાર્ય કરાવવામાં આવતું .બાળકો મોબાઈલના ઉપયોગ, પ્રવૃત્તિ સાથે જ્ઞાન મેળવે તે માટે વિવિધ ટેકનોલોજી, માઈક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા,દીક્ષા એપ દ્વારા ,શાળા મિત્રએપ દ્વારા વિષયનું ઊંડાણ પૂર્વકનું જ્ઞાન મેળવે તેવા પ્રયત્નો કરવા આવ્યા તેનાથી બાળકોને એકમ કસોટી લખવામાં પણ મદદ રૂપ બન્યુ.

આથી શ્રી મોટા બારમણ પ્રાથમિક શાળાના બાળકોને એવો અહેસાસ થયો કે " શાળા બંધ છે શિક્ષણ નહી " આ રીતે શાળાના ધોરણ ૧ થી ૮ ના કુલ ૩૧૮ બાળકોમાંથી ૨૭૦ બાળકોને રોજે રોજ અલગ અલગ વિસ્તારમાં બાળકને ઘરે જઈ શિક્ષકોએ શિક્ષણ આપવાનો સહિયારો પ્રયત્ન કર્યો.

- બાળકો ઘરે ઘરે શિક્ષણ મેળવી શક્યા.
- ઘેર ઘેર શિક્ષણ દ્વારા બાળકો તેમનું લેસન તેમજ પાઠનું વિષય-વસ્તુ સમજી શક્યા.
- બાળકો વિષયને અનુરૂપ પ્રવૃત્તિ કરતા થયા.
- તેથી બાળકોને અહેસાસ થવા લાગ્યો કે શાળા બંધ છે પણ શિક્ષણ નહી.
- આ તમામ બાળકોએ ઘરે રહીને વિવિધ રીતે અલગ અલગ શિક્ષણ પૂરું પાડવામાં આવ્યું અને બાળકોને પણ સરસ જાણકારી પ્રાપ્ત કરાવવામાં આવી.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## "મેમરીમંત્ર"



**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી કનાલા ધર્મેન્દ્ર અરજણભાઈ

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી જનતા વિદ્યાલય, તાતણિયા. તા. ખાંભા., જિ. અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૯૯૯૮૩૨૦૦૪૫

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : kanaladharmendra@gmail.com

આજનો જમાનો માહિતીનો જમાનો છે . ઈન્ટરનેટ અને મોબાઈલ થકી આજનો વિદ્યાર્થી આંગળીના ટેરવે ઈચ્છિત માહિતી ચપટી વગાડતાં મેળવી શકે છે,પણ સામાપક્ષે આ બધાં જ સાધનો તેની માહિતીને સેવ કરી શકતા હોવાને લીધે વિદ્યાર્થી પોતે પોતાના મગજમાં માહિતીને સેવ કરવાના ઓપ્શનને ભૂલતો જાય છે!

બીજી તરફ શિક્ષણમાં પણ કેટલીક માહિતીઓ ખૂબ અઘરી, સંખ્યાત્મક, શુષ્ક, ઝડપથી યાદ ન રહે તેવી હોવાના પરિણામે તેને યાદ રાખવામાં વિદ્યાર્થીને ઓછો રસ પડે છે. વળી, ઘણી વખત " તેને આ પરીક્ષા સુધી યાદ રાખી લે " એવી સૂચના આપીને જાણે ઝડપથી ખાવ અને ઝડપથી ઓકોનો કમાન્ડ જાણ્યે-અજાણ્યે આપણા કોઈ દ્વારા જ આપવામાં આવે છે.પણ દુનિયાની દરેક માહિતી ખૂબ રસાળ રીતે ગમ્મત સાથે તને કાયમી રીતે યાદ રહી જાય અને વળી માત્ર પરીક્ષાલક્ષી ન બનતા જીવનલક્ષી બની શકે તે રીતે નેમોનિક્સશાસ્ત્રથી યાદ રાખી શકાય છે.શ્રી જનતા વિદ્યાલય, તાતણિયમાં પણ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૦થી " મેમરી મંત્ર " નામનો આ નવતરપ્રયોગ કાર્યરત છે . જેના અંતર્ગત કુલ ચાર તબક્કાઓમાં બાળકોને કોઈપણ માહિતી સરળતાથી યાદ ર ખવવાનો ભગીરથ અને કર્મઠ પ્રયત્ન આદરવામાં આવ્યો છે.

(૧) સૌપ્રથમ બાળકોને કયા વિષયમાં , કયા પ્રકરણમાં કોઈ માહિતી ગો ખવી પડે છે અથવા તો સમજાતી નથી તેની યાદી વિદ્યાર્થીઓ મારફત જ મેળવવામાં આવી. (૨) શિક્ષકો દ્વારા તેનું સોર્ટિંગકર્યા બાદ અલગ-અલગ ૫૦ જેટલી શાળાઓ અને સોશિયલ મીડિયાના૧૫૯ જેટલા ગ્રુપ, વેબસાઈટ, બ્લોગ વગેરે પર આ યાદી ચર્ચવામાં આવી.

(૩) તેમાં આવેલી સૂચનાઓ , રીતો, પદ્ધતિઓમાંથી શ્રેષ્ઠ વિચારોનું ચયન અને સંકલન કરી તેના આધારે અમારી શાળામાં એક વર્કશોપ યોજવામાં આવ્યો. આ વર્કશોપની અંદર સરળતાથી યાદ રહી શકે તે માટે બાળકોની વય-કક્ષાને અનુરૂપ સૂત્રો, વાર્તાઓ, ચાર્ટ, કોષ્ટકો વગેરે જેવું સાહિત્ય નિર્માણનું સુંદર કામ થયું .(૪) ત્યારબાદ અલગ-અલગ મેથડ અને ટેકનિક દ્વારા બાળકોને અઘરા લાગતા આ મુદ્દાઓને ફરીથી ભણાવવામાં આવ્યાં અને છેલ્લે તેમને આ માહિતી યાદ રહી કે કેમ તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું બાળકોના કાનમાં ભણવામાં આવેલો આ અનોખો મેમરી મંત્ર ખરા અર્થમાં ખૂબ જ સફળ રહ્યો.જ્યાં શરૂઆતમાં૮૫ ટકા બાળકો ૩૦ ટકા કરતાં વધુ ગુણ મેળવવામાં અસફળ રહ્યાં હતાં, એ જ કસોટીમાં ૯૦ ટકા કરતા વધુ બાળકો 70 ટકા ગુણ મેળવવામાં સફળ રહ્યાં.

શિક્ષણની સાથે જીવનમાંઆ કૌશલ્યનો કેમ ઉપયોગ કરવો તેની માહિતી તેમના આવનાર સોનેરી ભવિષ્યના દ્વાર માટે કૂંચી બની રહેશે એવી અપાર શ્રદ્ધા છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## 'તાલુકા કક્ષાએ વર્ચ્યુઅલ કલાસ'



**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી કાંતિલાલ છગનભાઈ ઝાંઝમેરા

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી બી.આર.સી.ખાંભા ,તા. ખાંભા, જિ. અમરેલી.

**ઈનોવેટરનો મોબાઈલ નંબર:** ૯૭૨૪૭૭૪૫૫૧

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ:** kczanzamera@gmail.com

વર્ષ 2020માં કોવિડ-19 નામની મહામારીએ વિશ્વના દેશોમાં આતંક મચાવ્યો હતો. માર્ચ-2020થી સામાજિક જીવન , ટ્રાન્સપોર્ટેશન, પ્રસંગો,તહેવારો બધુ જ ખોરંભે ચડ્યુ હ તું. શિક્ષણ પણ આમાંથી બાકાત ના હ તું. લોકડાઉનની અનૂભુતિ અમારી માટે પણ નવી જ અને વ્યાકુળતાભરી હતી તો બાળકો માટે તો વધારે વિકટ હતી.આવી પરિસ્થિતિમાં શિક્ષક તરીકે સાથોસાથ તાલુકાના બી.આર. સી. કો.ઓર્ડીનેટર તરીકે મારી સામે બે પડકારો હતા.એક તો આ મહામારીમાં પણ બાળકોનુ શિક્ષણ ન બગડ વું જોઈએ અને બીજું બાળકોને કોવિડની મહામારીમા ઘેર રહી હોમમાં લર્નિંગ કરે.આ નવતર પ્રયોગની સ્ફુરણા થઈ. સરકારની ગાઈડ લાઈન મુજબ વર્ચ્યુઅલ કલાસ શરૂ કરવામાં આવ્યા.

આ માટે સૌપ્રથમ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી સાથે બેઠક કરી તાલુકા કક્ષાએ ટીમ્સનાં માધ્યમથી ઓનલાઈન કલાસ લેવાનું આયોજન કર્યું. ત્યારબાદ તાલુકાના તમામ સીઆરસી, અને ટેકનોલોજી જાણકાર શિક્ષકો સાથે સંકલન બેઠક કરી 1.7.20થી કલાસ શરૂ કરવાનું નક્કી થયું. ત્યારબાદ અભ્યાસક્રમનું આયોજન કરી તે પ્રમાણે દરેક શિક્ષકોને તાસ ફાળવવામાં આવ્યા. નિયમિત ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ માટે એક કલાક અભ્યાસ શરુ કરવામાં આવ્યો. જૂન મહિનામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી જોડાતી તેથી સંખ્યા વધે તે માટે આચાર્ય અને શિક્ષકોને જવાબદારી સોંપવામાં આવી..

ધીરે ધીરે ધોરણ 3 થી 5 ને પણ સામેલ કર્યા.અને ઓગસ્ટ સપ્ટેમ્બર દરમિયાન ધોરણ3 થી8 માં એક એક કલાક નિયમિત માઈક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા શિક્ષણકાર્ય શરૂ કર્યું. અને ધીરે ધીરે 200 જેટલા વિદ્યાર્થીઓ લાભ લેતા થયા.આ કાર્યક્રમને સારી સફળતા મળી. વાલી પણ ખુશ થયા. તાલુકાના તમામ શિક્ષકોના સહયોગથી ખૂબ સુંદર રીતે આ કપરા કાળમાં બાલદેવો માટે કાર્ય કરી રાજીપો મેળવ્યો. સૌ તાલુકાના શિક્ષકોનો આભાર માનું છું ઋણ સ્વીકાર કરું છું.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## ' હરતી ફરતી શાળા '



**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી કટકિયા રાઘવભાઈ ડી.

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી મિતિયાળા પ્રા. શાળા, તા. જાફરાબાદ, જિ.અમરેલી.

**ઈનોવેટરનો મોબાઈલ નંબર:** ૯૯૨૫૮ ૦૬૫૪૬

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ:** katakiyaraghav222@gmail.com

પશ્ચિમી દરિયા કિનારાને કાંઠે વસેલું નાનકડું ખોબા જેવડું મિતિયાળા ગામ, ઘુઘવતા દરિયા કિનારે મત્સ્ય ઉદ્યોગ અને મીઠાના અગરમાં કાર્ય કરતો મજુર વર્ગ, મહેનતનો રોટલો કમાવાની વૃતિ ધરાવનાર , માણસોનો સમુદાય , ટકનું લઈને ટકનું ખાનાર,આસપાસ અલ્ટ્રાટેક સિમેન્ટ,રિલાયન્સ,સિન્ટેક્ષ મીઠા ઉદ્યોગ, મત્સ્ય ઉદ્યોગ જેવા ઉદ્યોગોનો ભંડાર સાથે સંકળાયેલ ગામ એટલે મિતિયાળા.....

આશરે ૩૫૦૦ ગામની વસ્તીમાંથી આવતા નાનકડા ભૂલકાઓને આવવું ગમે રમવું ગમે અને સાથે ભણવું ગમે તેવી શાળા કક્ષાએ અનેક પ્રવૃતિઓ કટકિયા રાઘવભાઈની મહેનતનું પરિણામ છે.વિદ્યાર્થીઓના મનગમતા વિષયોને પ્રવૃતિઓ સાથે જોડીને કઠિનથી સરળ તરફ લઈ જતા મુદાઓનું રમતા રમતા આનંદમય શિક્ષણ આપવાનો ઉત્તમ ઉદાહરણ એટલે શાળાકીય પ્રવૃતિઓ.

ધોરણ : ૧ થી ૨ના બાળકોને કોરોના જેવી વૈશ્વિક મહામારીથી જયારે વિશ્વની દરેક શાળા કોલેજ બંધ છે ત્યારે આપણી સરકારી શાળાના શિક્ષકો નવતર પ્રવૃત્તિ કરી બાળકોને શિક્ષણ સાથે જોડાઈ રહે તે માટે પ્રયાસ કરતા રહે છે. ટોળી નાયક બનાવી શિક્ષણ મીતીયાળા પ્રાથમિક શાળામાં ધોરણ ૧-૨ માં કુલ ૧૦૯ વિદ્યાર્થીઓ છે જેમાં મોટાભાગના વાડી વિસ્તાર માંથી આવે છે. હાલ શાળાઓ બંધ છે ત્યારે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીને સાથે લઈને ૬ ટુકડીઓ બનાવી છે આ ટુકડીઓ દરરોજ ૧ થી ૨ કલાક શિક્ષણ કાર્ય કરે છે. શિક્ષક સમયાંતરે આ ગ્રુપ લીડરને ધોરણ ૧-૨ માં જે અભ્યાસ કરાવવાનો છે તેના વિષે માર્ગદર્શન આપે અને જરૂરી સાધનો પણ આપે.

જે ટોળી નાયક પાસે સ્માર્ટ ફોન છે તેઓ રાઘવ ભાઈએ બનાવેલ ટીચિંગ લર્નિંગ મટીરીયલના ફોટો અને વીડિઓ ફેસબુકમાંથી જોઈને પોતાના ઘરે TLM બનાવી વિદ્યાર્થીઓને શીખવાડવા માટે ઉપયોગ કરતા થયા છે. ૧૦૯ વિદ્યાર્થીઓ માંથી ૭૬ વિદ્યાર્થીઓ ટુકડીમાં અભ્યાસ કરે છે અને બાકીના ૩૩ વિદ્યાર્થીઓનું શિક્ષણ બગાડે નહિ તે માટે શું કરી શકાય? તે વિચારતા કરતા "હરતી ફરતી શાળા" નો વિચાર આવ્યો.

રાઘવ ભાઈ પોતાની બાઈક ને જ "હરતી ફરતી શાળા"માં રૂપાંતરિત કરવાનું નક્કી કર્યું. શિક્ષણ કાર્ય માટે જરૂરી કાળું પાટિયું, ચાર્ટ વગેરે એકત્ર કરી વાડી વિસ્તાર માં રહેતા ૩૩ વિદ્યાર્થીઓ પાસે જઈને રૂબરૂ શિક્ષણ આપવાનું શરુ કર્યું. આ વર્ગમાં આવતા દરેક બાળકોને શિક્ષણ માટે જરૂરી બુક, પેન્સિલ કીટ, કલર, ઝેરોક્ષ બુકલેટ વગેરે પણ મફત વિતરણ કરવામાં આવે છે. જે વિદ્યાર્થીની બુક ભરાય જાય તેમની પાસેથી લઈને નવી નોટ આપવામાં આવે છે. આ પ્રવૃત્તિ અમેરિકા સ્થિત અમરેલી જીલ્લાના સાજીયાવદર ગામના વતની નાગજીભાઈ સાવલિયાએ નિહાળી અને બાળકોને શૈક્ષણિક રૂપે મદદ થવા અંકે ૨૫૦૦૦ રૂપિયાની મદદ પણ કરી. આ રકમ માંથી નોટબુક, પેન્સિલ, પેન, સંચો-રબર વગેર લઈને ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપવામાં આવી. સમયાંતરે મૂલ્યાંકન પણ કરવામાં આવે છે અને સારું પરફોર્મ કરનાર વિદ્યાર્થીને પેન-પેન્સિલ, બુક, ચોકલેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. ફક્ત ૨ જ વર્ષમાં તેમના મિત્રો અને ગામ લોકોએ જોઈને અંકે ૧,૧૧,૯૦૦ રૂપિયાનાં કપડાં,ચંપલ,નાસ્તો, મોજા, સ્વેટર શાળાના બાળકો ઉપયોગ કરે તે માટે દાન મળ્યું છે. શાળામાં કરવામાં આવતી દરેક શૈક્ષણિક પ્રવૃતિઓ બીજા શિક્ષકોમિત્રો દ્વારા વિધ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે ફેસબુક પર રઘુ રમકડું - Raghu Ramakadu નામનું પેજ પણ બનાવેલ છે. તેઓ એ યુટ્યુબ ચેનલ બનાવી છે જેમાં તેઓ દરેક શૈક્ષણિક પ્રવૃત્તિને લગતા વીડિઓ મુકે છે. રાઘવ ભાઈ એ કરેલ શૈક્ષણિક પ્રવૃત્તિ અંગે વધુ માહિતી જોઈતી હોય અથવા વિદ્યાર્થીઓને મદદ કરવા માંગતા હો તો આપ 99258 06546 પર સંપર્ક કરી શકો છો. ગુજરાત ના ઘણા પ્રજ્ઞા શિક્ષકમિત્રો આ પેજ દરરોજ જોઈને નવતર પ્રવૃત્તિ કરે છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## " વર્ગીકૃત શાળાકીય દફતર '




**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી અનિરૂધ્ધભાઈ ખોડુભાઈ વાળા

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી મીઠાપુર પ્રાથમિક શાળા. તા.જાફરાબાદ , જિ.અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૯૩૨૭૬૨૧૫૦૮

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : anirudhv50@gmail.com


અમરેલી જિલ્લાનો છેવાડાનો તાલુકો એટલે જાફરાબાદ અને તે તાલુકાનું છેવાડાનું ગામ એટલે મીઠાપુર. શ્રી મીઠાપુર પ્રાથમિક શાળાના આચાર્યશ્રી અનિરૂધ્ધભાઈ ખોડુભાઈ વાળાની આજે ઈનોવેશન સ્ટોરીની વાત કરીશું.

અનિરૂધ્ધભાઈ વર્ષ – ૨૦૧૫માં વિદ્યાસહાયક તરીકે આ શાળામાં જોડાણા, બે વર્ષ થયા બાદ વર્ષ-૨૦૧૭માં શાળાના આચાર્યની બદલી થવાથી અનિરૂધ્ધભાઈએ તેમની શાળામાં તેમનાથી સીનીયર શિક્ષકો હોવા છતાં સામેથી આચાર્યનો ચાર્જ લીધો, કારણ કે તેઓમાં ગુરૂકુલ પ્રણાલીના સંસ્કાર હોવાથી તેઓને આ શાળામાં કંઈક નવીન કરવું હતું.

શિક્ષકશ્રીએ આચાર્યનો ચાર્જ લીધા બાદ યુનિફોર્મ બદલી, ગુરુવાણી, સ્વચ્છતા, નિયમિતતા, શાળા પ્રોફાઈલ, શાળા અંત પ્રાર્થના વગેરે બાબતોમાં બદલાવ લાવ્યા. પરંતુ વિશેષ વર્ગીકૃત શાળાકીય દફતર અંગે ખાસ કાર્ય કરેલ.

શ્રી મીઠાપુર પ્રાથમિક શાળાનું શાળાકીય દફતરને ૩ (ત્રણ) પ્રકારમાં વિભાજીત કર્યું. ૧- ચાલુ દફતર ૨- જુનું દફતર ૩- સોફ્ટ દફતર. આ ત્રણેય દફતરને કુલ ૫(પાંચ) વિભાગમાં તેના સમયાનુસાર વિભાજીત કર્યું તેમજ તે દરેક વિભાગને અલગ અલગ રંગ આપી અલગ કર્યા.

- વિભાગ – A : આજીવન (પીળો રંગ)
- વિભાગ - B : ૩૫ વર્ષ (કેસરી રંગ)
- વિભાગ – C : ૧૦ વર્ષ (લીલો રંગ)
- વિભાગ – D : ૫ વર્ષ (ગુલાબી રંગ)
- વિભાગ – E : ૧ વર્ષ (સફેદ રંગ)

આ ઉપર મુજબ કલર કોડીંગ કર્યા બાદ જે – તે ફાઈલ અને રજીસ્ટરને ક્રમિક નામ આપ્યા. આ માટે સ્પેશિયલ ઓફિશિયલ સ્ટેન્ડ બનાવી તેમાં ખૂબ જ સુંદર રીતે આ દફતરમાં કામ થઈ રહ્યું છે.

સાથો સાથ શાળાના ઘણા રજીસ્ટરોને ડિઝીટલ સ્વરૂપ આપી શાળાના કાર્યને સરળ બનાવવાનો પ્રયાસ કરેલ છે. જેમાં GR રજીસ્ટરની EXALમાં એન્ટ્રી કરી ત્યારબાદ જે વ્યકિતને એકવાર LC આપેલ છે તે નામ લીલા રંગથી, બાકી છે તે પીળા રંગથી અને શાળા કક્ષાએ કોઈ રેકોર્ડ નથી તેવા નામ લાલ રંગથી અલગ કર્યા. ત્યારબાદ GR રજીસ્ટરની નામાવલી પણ બનાવવામાં આવી છે જેથી કોઈ વ્યકિતનું નામ ઝડપથી શોધી શકાય.

આમ ઉપર મુજબ આચાર્યશ્રી દ્વારા શાળામાં ખૂબ જ ખંત અને મહેનતથી કાર્ય થઈ રહ્યું છે, જેઓના આ કાર્ય કરવાથી શાળાનું વહીવટી અને શૈક્ષણિક કાર્ય ખૂબ જ સરળ બન્યું છે.

## "મેથ્સ કેલેન્ડર"



**ઈનોવેટરનું પૂરું નામ** : સંદીપભાઈ ડી. ધડુક

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી કોઠાપીપરીયા પ્રાથમિક શાળા તા. ધારી, જિ.અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૯૯૭૮૭૮૪૯૬૬

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ**: dhaduksandip7@gmail.com

ભારતીય સંસ્કૃતિની આધારશિલા સમાન , ભવ્ય ભારતના ભાવિ વારસાનું સંવર્ધન કરવા શ્રી કોઠાપીપરીયા પ્રાથમિક શાળાએ ઘણા પ્રયત્નો કર્યા છે તેમાંનો એક પ્રયત્ન એટલે કે શાળાના ગણિત વિજ્ઞાનના શિક્ષક શ્રી સંદીપભાઈ ધડૂકે કરેલો નવતર પ્રયોગ **"મેથ્સ કેલેન્ડર"** .

. કોરોનાના કપરા કાળમાં શાળાઓ ઘણા સમયથી બંધ છે સરકાર શ્રી દ્વારા પણ ઘણા પ્રયત્નો થયા છે જે થકી બાળકો શિક્ષણ સાથે જોડાયેલા રહે છતાં મોટાભાગના વિદ્યાર્થીઓ ઓનલાઈન અભ્યાસ સાથે નિ રસ જણાતા હતા. ગણિત વિષયની પાયાની ગણતરીઓ તો સાવ ભૂલી જ ગયા હતા. ગણિત કાચું તો વિદ્યાર્થીનું જીવન કાચું એ સમજણ સાથે ગણિત વિષયમાં નવતર પ્રયોગ શરૂ કર્યો .

સૌપ્રથમ ગણિત વિષયનો અભ્યાસક્રમ ધ્યાને રાખીને દરેક માસનું આયોજન બનાવ્યું.આ આયોજનના ભાગરૂપે કેલેન્ડર તૈયાર કર્યું. જેમાં દરેક મહિનાની તમામ તારીખમાં ગણિતના પ્રશ્નો મૂકવામાં આવ્યા આ પ્રશ્નો જે તે તારીખે વિદ્યાર્થીઓએ ગણતરી કરવાના હોય છે.

12 મહિનાનું કેલેન્ડર ગણિત વિષય માટે તૈયાર કર્યું ,જેમાં ધોરણ 6 થી 8 ના ગણિત વિષયના શક્ય તેટલા પાયાની ગણતરીના પ્રશ્નો મૂકવામાં આવ્યા . દરેક મહિનાની શરૂઆતમાં એક મહિનાનું પેજ ઓનલાઈન માધ્યમથી અને હાર્ડ કોપીમાં વિદ્યાર્થીઓ સુધી પહોંચાડ્યું જેથી દરરોજ ગણિતનો એક પ્રશ્ન વિદ્યાર્થીએ ગણવો પડે મહિનાના અંતે જવાબ મુકવામાં આવતા વિદ્યાર્થીઓ મહિનાના અંતે તેમના ખોટા થયેલા જવાબમાં સુધારો કરતાં.

આ પ્રયોગથી ફાયદો એ થયો કે વિદ્યાર્થીઓને ગણિત વિષય પ્રત્યે રુચિ વધી ,ગણિત વિષયના પાયા ના સુત્રો વિદ્યાર્થીઓએ આત્મસાત કર્યા. ગણિત વિષયમાં વિદ્યાર્થીઓની નોંધપાત્ર પ્રગતિ થ ઈ. વાલીઓ પણ ગણિતનું કેલેન્ડર જોતા હોવાથી ગણિત વિષય પ્રત્યે વિદ્યાર્થીની પ્રગતિની વાલી સુધી નોંધ થઈ .વિદ્યાર્થીની ગણિત વિષયની એકમ કસોટીના પરિણામમાં પણ સુધારો જોવા મળ્યો.

## "પ્રશ્નો કી દોસ્તી"



**ઈનોવેટરનું પૂરું નામ** : સોલંકી ગીતાબેન એ.
**શાળાનું નામ અને તાલુકો** : શ્રી કોઠા પીપરીયા પ્રાથમિક શાળા તા. ધારી, જિ.અમરેલી
**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૯૭૧૨૬૪૧૪૦૬
**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ**: solankigita68@gmail.com

તાલુકા મથક ધારીથી આશરે પાંચેક કિલોમીટરના અંતરે આવેલું નાનકડું કોઠા પીપરીયા ગામ જ્યાં સ્વર્ગથી સોહામણી સુંદર શાળા આવેલી છે .સોલંકી ગીતાબેન અહીં વર્ષ 2017માં પ્રાથમિક શિક્ષક તરીકે જોડાયા ,શાળાના બાળકોના સામાન્ય જ્ઞાનનો અભ્યા સ નબળો જણાતા બાળકો માટે નવતર પ્રયોગ કરવાનું વિચાર્યું કારણકે બાળકો તેમની વય કક્ષા મુજબ સામાન્યજ્ઞાનની સમજ ધરાવતા ન હતા .બાળકો સમૂહમાં બોલતા સંકોચ અનુભવતા હતા . તેથી તેમણે શાળાના ધોરણ ૧ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓનું સામાન્ય જ્ઞાન વધે ,બાળકોને નવું જાણવાની જિજ્ઞાસા થાય,વિદ્યાર્થીઓ જવાબ આપવા તત્પર રહે ,સમૂહમાં બોલતા થાય અને નવું નવું જાણે તે માટે **"પ્રશ્નો કી દોસ્તી** "નામનો નવતર પ્રયોગ અમલમાં મૂક્યો

આ પ્રયોગમાં ધોરણ ૧ થી ૮ ના તમામ બાળકને તેમની કક્ષા અનુસાર ધોરણ મુજબ દરરોજ એક બાળકે એમ ધોરણ ૧ થી ૮ ના કુલ આઠ બાળકોએ 8 પ્રશ્નો પૂછવાના.પ્રાર્થના સંમેલનમાં જ આ પ્રશ્ન પૂછવાથી મોટા ધોરણના બાળકોને પણ નાના ધોરણમાં શીખેલી વિષયવસ્તુઓનું પુનરાવર્તન થયું .આ ખાસ કાર્યક્રમમાં જે બાળકોનો પ્રશ્ન પૂછવાનો વારો હોય તેમણે પ્રશ્નો જાતે બનાવવાના હોય છે.

આ પ્રયોગથી બાળકનું સામાન્ય જ્ઞાન દ્રઢ થયું, તેમની જિજ્ઞાસાવૃત્તિમાં વધારો થયો, જાહેરમાં બોલતા થયા, ન્યૂઝ પેપર વાંચતા થયા ,વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાનમાં વધારો થયો ઘણીવાર બાળકો પ્રશ્ન બનાવવા માટે વાલીઓની પણ મદદ લેતા હોવાથી વાલીઓ પણ વિદ્યાર્થીઓની પ્રગતિથી ખુશ થયા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થયો અને બાળકોને પ્રશ્નો બનાવવા ની આદત પડી ગઈ વિદ્યાર્થીઓને પ્રશ્ન સાથે જાણે દોસ્તી થઈ ગઈ .પ્રશ્ન દ્વારા બાળકોની જીજ્ઞાશા વૃતિમાં વધારો થાય છે તે અ નવતર પ્રયોગમાં જાણવા મળ્યું .

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## "એનિમેશન નિર્માણ દ્વારા ઑનલાઇન શિક્ષણ




**ઈનોવેટરનું પૂરું નામ** : આશિષકુમાર બટુકલાલ મકવાણા

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી ચલાલા કન્યા શાળા , તા. ધારી, જિ.અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૯૧૭૩૪૨૩૧૬૫

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ**: ash.amreli@gmail.com


અમરેલી જીલ્લાના ચલાલા કન્યા પ્રાથમિક શાળામાં છેલ્લા ૫ (પાંચ) વર્ષથી હું ભાષા શિક્ષક તરીકે મારી ફરજ બજાવું છું. પ્રાથમિક શાળાના બાળકોમાં ટેલેન્ટ રહેલું છે પરંતુ તેમને યોગ્ય પ્લેટફોર્મ સુધી લઇ જવા માટે યોગ્ય માર્ગદર્શનની જરૂર છે. તે માટે છેલા પાંચ વર્ષથી પ્રયત્નો કરું છું. હું નવાં-નવાં ઇનોવેશન કરી તેનાં દ્વારા બાળકોના જ્ઞાનને બહાર લાવવનાં સતત પ્રયત્નો કરુ છું. મારા ઘણાં ઈનોવેશનને રાજ્ય અને જિલ્લા કક્ષા સુધી સ્થાન મળ્યુ છે.

હાલ, કોરોના મહામારીના લીધે કામ કરવું મુશ્કેલ અને ખર્ચાળ જણાતા તેમના વિકલ્પ રૂપે મારા દ્વારા એક નવો નવતર પ્રયોગ શરુ કરવામાં આવ્યો - **"એનિમેશન નિર્માણ દ્વારા ઑનલાઇન શિક્ષણ "**

લૉકડાઉનનાં કપરા કોરોનાકાળમાં બાળકોને કાર્ટૂન ફિલ્મ અને એનિમેશન જોવુ ગમે છે તો તેઓને ગમે તેવું શિક્ષણ કઇ રીતે આપવું ? અને આ માટે સુંદર એનિમેશનો બનાવવા એક શિક્ષક તરિકે ચેલેંન્જ રૂપ કાર્ય હતુ. એનિમેશન કયા સૉફ્ટવેરમાં બનાવવા તે પણ ખુબીનું કામ હતુ. પરંતુ બાળકોને કાંઇક નવીન રીતે જ જ્ઞાન આપવાની મારી જિજ્ઞાસાએ આ કપરા કાર્યને સરળ બનાવી દીધુ. બાળકોની રસ-રુચીને જાણી જ્ઞાન સરળતાથી આપવાના હેતુથી આ નવતર પ્રયોગ કરેલ છે.

આ નવતર પ્રયોગમાં ધોરણ ૬ થી ૮ના બાળકો માટે બે કાર્ટૂન એનિમેશન અને ઓનલાઇન કસોટી બનાવવામાં આવીછે. પહેલું એનિમેશન" शब्दकोश का क्रम " જયારે બીજું એનિમેશન " કલ્પવૃક્ષ " બનાવવામાં આવેલ છે. ખાસ કરીને, બાળકો હિન્દી શિક્ષણમાં શબ્દકોશ ક્રમ બાબતે ખુબ જ મુશ્કેલી અનુભવે છે તે જાણી, એનિમેશન બનાવી, તેની આ સમસ્યા દુર કરવા પ્રયત્ન થયો છે.વળી , પર્યાવરણ અને વૃક્ષો પ્રત્યે બાળકોમાં વધુ સભાનતા અને સમજ આવે તે માટે પણ એનિમેશન બનાવ્યુ છે.આ માટે શ્રીઉમેશભાઇ ચાવડા (શિક્ષક- દાનેવશાળા) એ અમિતાભ બચ્ચનનો અવાજ આપ્યોછે જયારે દેવાંગ મકવાણા (ધો.૬ માળીલા પ્રા.શાળા) એ વિદ્યાર્થીનો અવાજ આપ્યો છે.

ઈનોવેશન પહેલા અને બાદમાં ઓનલાઇન કસોટી લેવામાં આવી હતી. આ કસોટી અત્યાર સુધી ( તા.31-10-2020 સુધી) 860 બાળકોએ આપેલ છે. જેમાં પરિણામ સિધ્ધી આશરે 88% છે.

- આ ઈનોવેશનને Youtube ચેનલ , બ્લોગ અને whatsapp groups માં મુકવામાં આવેલ છે.
- આ ઈનોવેશન કે એનિમેશન વિડિયોને અત્યાર સુધીમાં 2000+ બાળકો,લોકો એ જોયેલ છે.

સમગ્ર ગુજરાતમાં દરવર્ષે અનેક લોકો દ્વારા ઈનોવેશન કરવામાં આવે છે પરંતુ કાર્ટૂન ફીલ્મ બનાવીને તેનાં પરથી જ્ઞાન આપવુ અથવા હેતુ સિધ્ધી કરવી તે પ્રકારનું આવું સુંદર ઈનોવેશન ભાગ્યે જ જોવા મળશે તેમ કહું તો તેમાં જરાય અતિસ્યોક્તિ નથી.

**शब्दकोश का क्रम એનિમેશન** : https://www.youtube.com/watch?v=6okZLJj0sZM

**કલ્પવૃક્ષ એનિમેશન** : https://www.youtube.com/watch?v=BUK0c5er7rQ

# 'રમતા–રમતા શીખીએ



**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી ચાવડા પરેશકુમાર મોહનભાઈ
**શાળાનું નામ અને તાલુકો** : શ્રી મોટા મુંજીયાસર પ્રાથમિક શાળા, તા.બગસરા જિ.અમરેલી
**ઈનોવેટરનો મોબાઈલ નંબર**: ૯૪૨૬૬ ૫૧૬૯૮
**ઈનોવેટરનું ઈમેઈલ એડ્રેસ** : chavdaparesh12@gmail.com

કોરોના મહામારીનાં કારણે સરકારશ્રી દ્વારા માર્ચ મહિનામાં સમગ્ર ભારતમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. જેના કારણે બાળકો શિક્ષણથી દુર હતા.તેથી તેઓ રસપૂર્વક સામાજિક વિજ્ઞાન વિષય શીખી ન શકતા હતા. તે માટે ઘરે રહીને પ્રવૃત્તિ થાય તેવા પ્રયાસો કરવા અત્યંત જરૂરી લાગ્યા.લાંબા સમયના લોકડાઉનને કારણે વિદ્યાર્થીઓ અભ્યાસથી વિમુખ ના થાય તેનો ડર હતો. તેઓને અભ્યાસ સિવાયની પ્રવૃત્તિ આપીએ તો તેઓ રસ પૂર્વક કરતા હતા. તેથી બાળકોને ટેકનોલોજી અને રમત દ્વારા અભ્યાસમાં વાળવા માટે એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો જેનું નામ **'રમતા-રમતા શીખીએ**'રખાયું.

અભ્યાસમાં લગાવ વાળા બાળકો મોબાઈલ ફોનનો પણ વિશેષ ઉપયોગ કરતા હતા, તેના માટે ક્યુબના માધ્યમથી સામાજિક વિજ્ઞાન તથા વિજ્ઞાન ટેકનોલોજીના ૧૫૦ થી વધારે નમૂનાઓ પ્રત્યક્ષ રીતે જોઈ શકે તે માટે એપનો ઉપયોગ ક્યુબ દ્વારા કરવાનું શીખવ્યું.અન્ય બાળકોને નકશાની પઝલ્સ, નદીઓ અને પર્વતોના જોડકાની પઝલ્સ અને નકશાની રૂઢસંજ્ઞાઓ વગેરેના જોડકાની ગેમ બનાવવા પ્રેરણા આપી. વોટ્સએપ અને માઈક્રોસોફ્ટ ટીમ્સના માધ્યમથી રેગ્યુલર ચાલતા ક્લાસમાં તેની ચર્ચા કરવામાં આવતી.

નીચે પ્રમાણેની પ્રવૃતિઓ બાળકોએ રમતા-રમતા શીખી.

૧ નકશામાં તાલુકાની પઝલ્સ
૨ નકશામાં જીલ્લાની પઝલ્સ
૩ નકશામાં રાજ્યની પઝલ્સ
૪ નકશામાં દેશની પઝલ્સ
૫ નકશામાં ખંડની પઝલ્સ
૬ ક્યુબના માધ્યમથી વિવિધ મોડેલની સમજુતી.
૭ એસેમ્બ્લર એપના માધ્યમથી ક્યુબની બનાવટ.
૮ ટ્યુબ પર અક્ષાંશ- રેખાંશની સમજ.
૯ જ્વાળામુખીનું સાદું રમકડું.

આ બધા રમકડા વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવે અને તેના એક-બે જુથમાં તેઓ શેર કરે, અન્ય જુથે તૈયાર કરેલ રમકડું બીજા જૂથને મળે તેવી સ્થાનિક વિદ્યાર્થીઓ દ્વારા ગોઠવણ થયેલ.



## ‘કોવીડ– 19 અને લોક જાગૃતિ’



**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી મણવર બાબુભાઈ એમ.
**શાળાનું નામ અને તાલુકો** : શ્રી માવજીંજવા પ્રાથમિક શાળા, તા.બગસરા જિ.અમરેલી
**ઈનોવેટરનો મોબાઈલ નંબર**: ૯૯૭૮૦ ૪૬૨૮૬
**ઈનોવેટરનું ઈમેઈલ એડ્રેસ** : babulmanvar@gmail.com

શ્રી કરમણપીર, શ્રી કાનજી ભુટા બારોટ અને જગ મશહુર કે.લાલની જન્મભૂમિનું ગામ એટલે માવજીંજવા.પહેલાના જમાનામાં માવજીંજવા ગામના રતાળું ગાજર ખૂબ વખણાતા.સત્તાધારની ગાદીએ આપાગીગા પછી બેસનાર પીર કરમણપીરની પવિત્ર ભૂમિમાં ખેડૂત વર્ગની વસ્તિ ધરાવતા અને ખેતી સાથે સંકળાયેલા આ ગામની વસતિ ૩૩૦૦ની આસપાસ છે.

આવા પવિત્ર ગામ અને ગ્રામ ભૂમિમાં કામ કરવું એટલે સંતોના આશિર્વાદ મેળવવા.જેનો લાભ ૧૯૮૪થી લઈને આજ સુધી ૩૭ વર્ષથી મને મળી રહ્યો છે.

મણવર બાબુભાઈ મેઘજીભાઈ અને શાળા દ્વારા અનેકવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે. શિક્ષણની સાથોસાથ વિદ્યાર્થીઓ- વાલીઓ અને ગામલોકોના આરોગ્યની ચિંતા પણ શાળા દ્વારા કરવામાં આવે છે.

હાલમાં સમગ્ર જગતને કોરોના વાયરસે ભરડામાં લીધું છે.શાળાઓ બંધ છે પણ શિક્ષણ બંધ નથી.પરંતુ સૌથી મોટો ભય સંક્રમિત થવાનો છે.લોકોનું આરોગ્ય જોખમાય નહીં તેની ચિંતા કરતા કરતા વિચાર આવ્યો કે શાળા દ્વારા એવા પ્રયત્નો કરવામાં આવે જેનાથી લોકોની રોગ પ્રતિકારક શક્તિ વધે . કોરોનાને ફેલાતો અટકાવવા માટે લોક જાગૃતિ જરૂરી જણાતા સૌ પ્રથમ આયુષ મંત્રાલયનો સંપર્ક કરી જૂના વાઘણિયા સ્થિત આયુર્વેદ દવાખાનેથી ઉકાળો મેળવવામાં આવ્યો.ડોક્ટરસાહેબના કહેવા મુજબ નાની પડીકીઓ બનાવી ગામ લોકોમાં વિતરણ કરી કેવી રીતે ઉપયોગ કરવો તે સમજાવ્યું.

લોકો બહાર રખડવાનું ટાળે તે માટે જગૃતિ લાવવા જિલ્લા લોકવિજ્ઞાન કેંદ્ર અમરેલીનો સંપર્ક કરી વિશાળ મેદાનમાં સોશ્યલ ડિસ્ટંસ સાથે પોસ્ટર પ્રદર્શન યોજવામાં આવ્યું.જેમાં માસ્ક બાંધવું ,હાથ ધોવા,કામ સિવાય બહાર ન નીકળવું...વગેરેની સમજ આપવામાં આવી.લોક શિબિર કરી સમજાવવાનો પ્રયાસ કર્યો.લોકો એકબીજાને હાથ ન મિલાવે,ભીડભાડ વાળી જગ્યાએ ન જવું,વારંવાર હાથ ધોવા, હાથ ધોવાનું નિદર્શન પણ કરવામાં આવ્યું .

ટૂંકમાં કોરોના કાળમાં એક મહાન લોક જાગૃતિના કાર્યને સરપંચ સહિત એસ.એમ.સી. તથા સ્થાનિક સરકારી દવાખાનાના ડોક્ટર અને સ્ટાફ દ્વારા સરાહના કરી શાળાને અને બાબુભાઈ મણવરને અભિનંદન પાઠવ્યા હતા.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## ' દિવાળી પુરક સાહિત્ય (ધો.૧ અને ૨ પ્રજ્ઞા )'



**ઈનોવેટર નું પૂરું નામ**: દીક્ષિત કેતનકુમાર એલ.

**શાળાનું નામ અને તાલુકો**: બી.આર.સી.ભવન, બગસરા જિ. અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નંબર–** ૯૪૨૮૬ ૧૬૩૨૬

**ઈનોવેટરનું ઈમેલ એડ્રેસ–** ketandixit1983@gmail.com

કોરોના મહામારીના કારણે સરકારશ્રી દ્વારા માર્ચ મહિનામાં સમગ્ર ભારતમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. જેના કારણે બાળકો શિક્ષણથી દુર હતા. તેથી તેઓ રસપૂર્વક શૈક્ષણિક અભ્યાસક્રમ શીખી ન શકતા હતા. તે માટે ઘરે રહીને પ્રવૃત્તિ થાય તેવા પ્રયાસો કરવા અત્યંત જરૂરી લાગ્યા.

દિવાળી વેકેશનના કારણે વિદ્યાર્થીઓ અભ્યાસથી વિમુખ ન થાય તેનો ડર હતો. તેઓને અભ્યાસ માટેની પ્રવૃત્તિ આપીએ તો તેઓ રસપૂર્વક કરતા હતા.

તેથી બાળકોને દિવાળી પુરક સાહિત્ય આપવાનો વિચાર આવ્યો અને તેનું નામ પણ દિવાળી પુરક સાહિત્ય રખાયું. આ સાહિત્ય બનાવવા માટે બ્લોક કક્ષાએથી એમ.આઈ.એસ. તથા બ્લોક ઓપરેટરની સાથે સંકલન કરી ફાઈલ તૈયાર કરવામાં આવી હતી.

અભ્યાસમાં લગાવ વાળા બાળકો આ સાહિત્યનો વિશેષ ઉપયોગ કરતાં હતા, તેના માટે 41 પાનાનું પુરક સાહિત્ય પુરતું હતું. જે બાળકોને વધારે રસપૂર્વક અભ્યાસ કરવામાં મદદરૂપ થઈ શકે તેમ હતું.

આ સાહિત્ય બાળકો સુધી પહોંચાડવા માટે શાળા કક્ષાએ કાર્યરત વોટ્સએપ ગ્રુપમાં અને અન્ય માધ્યમથી પહોંચાડવામાં આવ્યું.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## 'મારી શાળાની બોલતી દીવાલો '



**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી હીનાબેન ડી. આદ્રોજા.
**શાળાનું નામ અને તાલુકો** : શ્રી રાયપર પ્રા. શાળા. તા. બાબરા,જિ. અમરેલી.
**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૯૯૧૩૯૩૭૭૮૮
**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : hdadroja54@gmail.com

હાલની covid-19ની પરિસ્થિતિને ધ્યાને લઈ શિક્ષણની પ્રક્રિયાને વેગવંતી ને રસપ્રદ બનાવવા અને સરકારની ગાઈડલાઈનને અનુસરીને socialdistance સાથે વિદ્યાર્થીઓ શીખતા રહે તે હેતુ સહ ઉત્સાહી અને કલાપ્રેમી હીનાબેને આ નવતર પ્રયોગની શરૂઆત કરી. આમતો ચિત્રો દોરવાનો અને નવીન ઈનોવેટિવ પ્રવૃતિઓ કરવાનો પહેલેથી જ શોખ....ને તેમાય શાળામાં બાળકો સાથે કામ કરવાનો મોકો મળ્યો. આ તક ઝડપીને શાળાની બિલ્ડીંગ આકર્ષકને સૌને ઊડીને આંખે વળગે તેવું બનાવવાનું બીડું ઝડપ્યું... ને મારી શાળાની બોલતી દીવાલો નામનો નવતર પ્રયોગ આદર્યો.

ધોરણ 1 થી 8 ના તમામ વિદ્યાર્થીઓ નવું શીખતા થાય અને શિક્ષણ પ્રક્રિયાને રમતાં-રમતાં રસમય રીતે સરળ બનાવી લે તે માટે દીવાલો પર ચિત્રો, ચાર્ટ અને TLM નો મહતમ ઉપયોગ કર્યો .જેમ કે વર્ગખંડમાં કક્ષા અનુસાર જરૂરી ચાર્ટ, પ્રવૃતિ પઝલ, પ્રોજેક્ટ, ફ્લેશકાર્ડ, ગેમબોર્ડ વગેરેનું નિર્માણ કરી વ્યવસ્થિત ગોઠવણ કરી. વળી શાળાને વધુ આકર્ષક બનાવવા કાગળકામ ,કટિંગ્સ, રંગોળી,તોરણ,મહોરાઓ,ફૂલદાનીઓ,સુશોભિત તાવડીઓ,વેસ્ટ માથી બેસ્ટ, સુશોભન માટેની વસ્તુઓ વગેરેનું નિર્માણ કર્યું. વિદ્યાર્થીઓ કંઈક નવું શીખી શકે , તેને શાળાની દીવાલો પણ બોલતી લાગે , તેની સાથે વાતો કરે ,વિચારે, મેનર્સ શીખે, નવા શબ્દો શીખે તે માટે હીનાબેને વર્ગખંડમાં, ઓસરીની દીવાલો,થાંભલીઓ, કમ્પાઉન્ડ વોલ પર ચિત્રો દોર્યા.જેવા કે ફળો , શાકભાજી ,આકારો,શાળાકીય વસ્તુઓ,અવકાશીય ચિત્રો,ભારતનો નકશો –રાજ્યો પાટનગર પડોશી દેશો સાથે,સુવિચારો, કાર્ટૂન ચિત્રો,ચારેય ભાષામાં અંકો,ક્રિયાદર્શક ચિત્રો, મેનર્સ શીખવતા વાક્યો, અંગ્રેજી તથા સંસ્કૃત સમય દર્શક ઘડિયાળ , મીંડાનું મહત્વ દર્શાવતો પિરામિડ , અંગ્રેજી મેજિક વર્ડ , વગેરે જેવા ચિત્રોથી શાળાની દીવાલોને શણગારી. જે હરતા – ફરતાં કે રમતાં – રમતાં પણ જોઈને ગમે અને તેમાથી કંઈક નવું શીખે તેવો માહોલ ઊભો કર્યો.

શાળામાં પ્રવેશતાં જ દીવાલો બોલી ઊઠે ને આવકાર આપે તેવું વાતાવરણ જોવા મળતા બાળકો ઉત્સાહથી આવતા થશે. ફરી શાળાનું વાતાવરણ પહેલા કરતાં વધુ સારી રીતે ધમધમતું થશે. વિદ્યાર્થીઓને ફરીથી હોંશે –હોંશે શાળામાં આવવું ગમે અને સક્રિય થઈ વધુ રસ રૂચિ દાખવી સારું પરિણામ મેળવી શકે તેવી આશા સાથે આ નવતર પ્રયોગના મંડાણ કર્યા છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## હોમ લર્નિંગ અંતર્ગત વાંચન લેખન ગણન પુરક સાહિત્ય તેમજ પ્રવૃતિ ટી.એલ.એમ.




**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી શુક્લા નિષ્ઠાબેન વાસુદેવભાઈ

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી બ્લોક રિસોર્સ સેન્ટર, બાબરા, જી.અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૯૭૨૫૫૯૩૬૯૦

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : nishtha.shukla1979@gmail.com


અમરેલી જિલ્લાનો બાબરા તાલુકો એટલે પંચાળ ભૂમિ.અને આ પંચાળ ભૂમિમાં બ્લોક રિસોર્સ સેન્ટર બાબરામાં બી.આર.પી.પ્રજ્ઞા તરીકે ફરજ બજાવું છું.બાબરા તાલુકાની ૭૨ શાળામાં મોનીટરીંગ ,માર્ગદર્શન 'હેન્ડ હોલ્ડીંગનું કાર્ય કરવાનું હોય છે. કોવિડ-19 કોરોના મહામારીના કારણે બાળકો શાળામાં શિક્ષણ કાર્ય મેળવી શકે તેવી પરિસ્થિતિ ના હોવાથી સરકારશ્રીના પરિપત્ર ગાઈડલાઈન આદેશ મુજબ હોમલર્નિંગ અંતર્ગત શિક્ષણ કાર્ય કરાવવાનું હોવાથી ધોરણ 1 અને 2 ના બાળકોને હોમલર્નિંગ અંતર્ગત શિક્ષણ કાર્યમાં શું શિક્ષણકાર્ય કરાવવું ? કેવી રીતે ? શિક્ષણ કાર્ય કરાવવું તે સમસ્યા જણાય .

શાળા બંધ છે શિક્ષણકાર્ય નહિ.જુન 2020 થી વેકેશન ખુલ્યું . ઉપરોક્ત સમસ્યાને ધ્યાને લઇ બી.આર.પી.પ્રજ્ઞા તરીકે કાર્ય કરવાનું હોવાથી મારા દ્વારા એક આયોજન બનાવવામાં આવ્યું. બીઆરપી પ્રજ્ઞા તરીકે સમગ્ર બાબરા તાલુકાના ધોરણ 1 અને 2 બાળકોને ધ્યાનમાં રાખી કામગીરી હાથ ધરવામાં આવી સૌપ્રથમ ગુગલમીટ દ્વારા બાબરા તાલુકાના ધોરણ 1 અને 2ના શિક્ષકોની મિટિંગ લેવામા આવી.જેમાં હોમલર્નિંગ કાર્ય અંગે માહિતી માર્ગદર્શન આપી સમસ્યા અંગે ચર્ચા કરી હોમલર્નિંગ અંતર્ગત આયોજન બનાવ્યું .જેમાં તાલુકાના ધોરણ 1 અને 2 ના 116 તમામ શિક્ષકોનુ વોટસએપ ગૃપ બનાવવામાં આવ્યું. અને બધા શિક્ષકોએ તેની શાળાના ધોરણ 1 અને 2ના બાળકોનુ ગૃપ બનાવવામાં આવ્યું. મારા દ્વારા શિક્ષકોના ગૃપમાં શાળા તત્પરતાની પ્રવૃતીઓ ધોરણ 1 અને 2ના ગુજરાતી ગણિત વિષયને લગતી પ્રવૃતીઓ બાલગીત ,વિડિયો ,વાચન લેખન સામગ્રી ,વાંચન લેખન કાર્ડ વગેરે મુકવામાં આવતું. તેમજ શિક્ષકો દ્વારા તે બાળકોના ગૃપમાં મુકવામાં આવતું. જેનો ઉપયોગ બાળકો તેમજ વાલીને સમજાવવામાં આવ્યો .બાળકો તેના દ્વારા શિક્ષણ મેળવતાં થયા જે બાળકો પાસે મોબાઈલ કે ટી.વી.ની સુવિધા ન હોય તેવા બાળકોને શિક્ષકો દ્વારા રુબરુ મુલાકાત દરમિયાન નોટબુકમાં લેખન કાર્ય કરાવવામાં આવતું.. તેમજ મોટાદેવળીયા પ્લોટ શાળા 1,ગમા પીપળીયા પ્રા.શાળા ,ઘુઘરાળા પ્રાશાળા,કર્ણકીપ્રા.શાળા ઈસાપર પ્રા.શાળાના શિક્ષકો દ્વારા ધોરણ 1 અને 2 ના બાળકોને એકમ પ્રમાણે ઝેરોક્ષ કોપી કરી લીથો બનાવી બાળકોને લેખન , વાંચન ગણન માટે આપવામાં આવ્યા. તેમજ તેનું ફોલોપ લેવામાં આવ્યું. રુબરુ મુલાકત દરમિયાન આ અંગે માહિતિ મેળવી તેમજ માર્ગદર્શન આપવમાં આવ્યું. આ કાર્ય બાદ કાર્યની સફળતા વિશે માહિતી મેળવવામાં આવી.

બાળકો ઉપર મુજ્બ શિક્ષણ કાર્ય મેળવી રહ્યા હતાં તે દરમિયાન હોમ વિઝિટમાં રુબરુ મુલાકાત દરમિયાન બાળકોનુ વાંચન લેખન ગણન ચકાસરતા પ્રગતિ જોવા મળી.

1 હોમલર્નિંગ અંતર્ગત વિધ્યાર્થીના શિક્ષણ કાર્ય .માટે શિક્ષકો દ્વારા પુરતો પ્રયત્ન કરવામા આવ્યો .

2 મારા દ્વારા ગૃપમાં મોકલવામાં આવેલ પુરક વાંચન લેખન ગણન પુરક સહિત્યની એકમ પ્રમાણે ઝે રોક્ષ કોપી કરાવી હોમલર્નિંગ અંતર્ગત વિદ્યાર્થીના શિક્ષણ કાર્ય .માટે શિક્ષકો દ્વારા આપવામાં આવ્યુ.જેનો ઉપયોગ દ્વારા બાળકો વાંચન લેખન ગણન શીખતાં થયાં.

3 બાળકોના વાચન લેખન ગણન પ્રગતિ જોવા મળી.

આ નવતર પ્રયોગ હાથ ધર્યા બાદ હોમલર્નિંગ કાર્યમાં ખુબ જ સારુ પરિણામ જોવામાં આવ્યું. બાળકો ઘરે રહી સારી રીતે શિક્ષણ કાર્ય કરતાં થયા તેમજ વાચન લેખન ગણનમાં પણ પ્રગતિ જોવા મળી.
હજુ પણ આ કાર્ય ચાલુ છે .

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## ' જ્ઞાન વર્ધક બુક '



**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી બોરીચા મધુભાઈ કાથડભાઈ
**શાળાનું નામ અને તાલુકો** : શ્રી વાવડા પ્રાથમિક શાળા. તા. બાબરા,જિ. અમરેલી.
**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૯૯૭૯૪ ૯૮૫૦૯
**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : madhooram13@gmail.com

' ખડ પાણીને ખાખરા પાણાનો નહી પાર,
વગર દીવે વાળું કરે એ અમારો દેવકો પંચાળ'.

બાબરા તાલુકો એટલે પંચાળ ભૂમિ અને તેમાં અમરેલી જિલ્લાનું છેવાડાનું કોટડાપીઠા છેલ્લું ગામ .આ ગામમાં શૈક્ષણિક અને આર્થિક રીતે સધ્ધર છે.આ ગામની શિક્ષણ પ્રણાલીથી ઘણા લોકો શિક્ષીત બની શિક્ષકો ,એન્જિનિયર, ઉદ્યોગપતિઓં બનેલ છે.

આ કોટડાપીઠા ગામમાં કન્યા પે.સે .શાળા આવેલી છે. જેમાં ધો.૫ થી ૭ માં અભ્યાસ કરતી ૮૨ બાળાઓમાં જનરલ નોલેજનો અભાવ હોવાનું જાણવા મળ્યું આ અંગે એક વિચાર આવ્યો. આ વિચાર માટે બાળાઓને નીચે મુજબની સમસ્યા અનુભવતી હતી.

જનરલ નોલેજનો અભાવ . પ્રાર્થના સભામાં રજૂઆતમાં તકલીફ પડે. દૈનિક પ્રાર્થના કાર્યક્રમ વખતે રજૂઆતમાં આત્મ વિશ્વાસનો અભાવ તેમજ સામાન્ય જ્ઞાન પ્રશ્નોતરીમાં માત્ર ૨૦ % બાળકો જ રસ દાખવતા જોવા મળ્યા. વિધાર્થીઓ પાસે વ્યકિતગત જ્ઞાન સભર માહિતીની નોધ ના હોવાથી આગળ જતાં સ્પર્ધાત્મક પરીક્ષામાં નબળું પરિણામ જોવા મળે છે. જો પ્રાથમિક શાળાથી જ આવી નોધ કરવામાં આવે તો આગળ જતાં વિધાર્થીઓને ખુબ જ ઉપયોગી બને.

આ સમસ્યાને દૂર કરવા માટે બાળાઓના તમામ કોટડાપીઠા કન્યા પે. સે. શાળામાં ધોરણ ૫ થી ૭ કુલ ૮૨ બાળાઓ છે, તેમાં હું જયારે અભ્યાસ કરાવતો ત્યારે મને એવું લાગતું કે આ બાળાઓને જનરલ નોલેજમાં ખૂબ તકલીફ પડતી હતી, આ અનુસંધાને શાળામાં એક પ્રયોગની પહેલ કરી જેમાં ધોરણ ૧ થી ૫ ના બાળકોને જનરલ નોલેજના વિભાગ વાઈઝ માહિતી આપેલ. જે બુક(ડાયરી)માં લખીને દર શનિવારે ,આપેલ નોલેજના પ્રશ્નોતરી કરવામાં આવી તો ખ્યાલ આવ્યો કે વિધાર્થીઓ પાસે વ્યકિતગત જનરલ નોલેજની માહિતીની નોધ ના હોવાથી દૈનિક પ્રાર્થના કાર્યક્રમ વખતે રજૂઆતમાં આત્મ વિશ્વાસનો અભાવ તેમજ સામાન્ય ૪ થી ૫ બાળકો એટલે કે માત્ર ૨૦ % રસ દાખવતા અને જવાબ રજુ કરવામાં ખુબ જ આત્મ વિશ્વાસનો અભાવ જોવા મળતો હતો .
**પહેલા** : વિધાર્થીઓ પાસે વ્યકિતગત જ્ઞાન સભર માહિતીની નોધ ના હોવાથી દૈનિક પ્રાર્થના કાર્યક્રમ વખતે રજૂઆતમાં આત્મ વિશ્વાસનો અભાવ તેમજ સામાન્ય જ્ઞાન પ્રશ્નોતરીમાં માત્ર ૨૦ % બાળકો જ રસ લેતા હતા.
**પછી** : ધોરણ ૫ થી ૮ ના બાળકો પોતાની વ્યકિગત જ્ઞાન વર્ધક બુક બનાવી, જેમાં કોઈ પુસ્તક કે અન્ય સ્વરૂપે જે જ્ઞાન સભર માહિતી વાંચે તેની નોધ કરવાની ટેવ પડી .જેનાથી ૮૦% બાળકો રસ લેતા થયા. અંતે **પરિણામ** આ મુજબ આવ્યું.......

ઉપરોક્ત સમસ્યાના અનુસંધાને બાળકોનું ઈતર જ્ઞાન વધે તે માટે એક બુક બનાવવી તેવું નક્કી થયું જેમાં બાળકો વાંચે અને વાંચતાજ તેમને જે સારું લાગે અથવા કઈ જ્ઞાનસભર માહિતી લાગે એટલે તરત જ તેઓ એ આ નોધ **"જ્ઞાન વર્ધક બુક"**માં કરી લેતા. વિધાર્થી પોતાની આ બુકમાં નોધ કરતાં ગયા અને તેની રજૂઆત પણ પ્રાર્થના કાર્યક્રમમાં કરતા ગયા..સમય જતાં મોટી સંખ્યામાં બાળકો રસ લેતા થયા અને આત્મ વિશ્વાસ વધતો ગયો. ૯૦ % બાળકોમાં વાંચન બાદ જરૂરી માહિતીની નોધ કરવાની ટેવ પડી. સામાન્ય જ્ઞાન પ્રશ્નોતરીમાં ૮૦% બાળકો રસ દાખવતા થયા. ધોરણ ૫ થી ૮ ના તમામ બાળકો સ્વ – પ્રયત્ને શીખતા થયા. પરસ્પર જ્ઞાનનું આદન-પ્રદાન કરતા થયા. આવનાર ભવિષ્યમાં જયારે બાળકોને સ્પર્ધાત્મક પરીક્ષા આપવાની થશે તેવા સમયે બુક તેમને ખુબ ઉપયોગી થશે. નવું નવું જાણવાની તથા પ્રવૃત્તિશીલ રહેવા લાગ્યા

આમ ,અંતે વિદ્યાર્થીઓ જણાવે છે કે તેમનો આત્મવિશ્વાસ હવે પહેલા કરતા વધ્યો છે. આવનારા ભવિષ્યમાં જયારે બાળકોને સ્પર્ધાત્મક પરીક્ષા આપવાની થશે તેવા સમયે આ બુક ખૂબ ઉપયોગી સાબિત થશે .

# "અધ્યયન નિષ્પતીઓ આધારિત પ્રશ્ન બેંક



**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી સોલંકી પ્રકાશકુમાર દુદાભાઈ
**શાળાનું નામ અને તાલુકો** : શ્રી નિંગાળા ૧ પ્રાથમિકશાળા, તા. રાજુલા, જિ. અમરેલી
**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૮૪૬૦૨૨૧૮૨૫
**ઈનોવેટરનું ઈમેઈલ એડ્રેસ** :veer2012.vs@gmail.com

ડિસેમ્બર 2018 માં જ્યારે જી. સી.ઈ.આર.ટી. ગાંધીનગર ખાતે પોસ્ટ NAS ઈન્ટરવેન્શન પ્રોગ્રામ ફોર ગુજરાતમાં ભાગ લીધો ત્યારે વિશેષજ્ઞો સાથેની ચર્ચાથી એક બાબતનો ખ્યાલ આવ્યો કે બાળકો વિજ્ઞાન જેવા વિષયના વર્ગખંડમાં મુદ્દાઓને સારી રીતે સમજી તો શકે છે તથા બાળકો પાઠ્યપુસ્તકમાં આપેલ સ્વાધ્યાયના પ્રશ્નોનાં જવાબ તો આપી શકે છે પરંતુ પરીક્ષા દરમ્યાન જ્યારે અલગ રીતે પ્રશ્નો પુછાય છે ત્યારે તેઓ પ્રશ્ન સમજી શકતા નથી અને અંતે જવાબ દેવામાં નિષ્ફળ જાય છે,પરિણામે વિવિધ પરીક્ષાઓમાં બાળકોનો સારો દેખાવ કરી શકતા નથી.

અહિં મુખ્ય કારણ વિધાર્થીઓ વિષય વસ્તુ નથી જાણતા એ નથી, પરન્તુ તેઓ HOT પ્રકારના પ્રશ્નો સમજી શકતા નથી એ છે, અને જેમ આપણે જાણીએ છીએ કે Practice makes man perfect, જો બાળકોને અધ્યયન નિષ્પતીઓ આધારિત HOT પ્રકારના પ્રશ્નોની પૂરતી સમજ આપવામા આવે તો તેઓ શાળાકીય તથા વિવિધ પરીક્ષાઓમાં પણ સારો દેખાવ કરી જ શકે છે.

આ હેતુને ધ્યાને લઈ જાન્યુઆરી 2019 માં ધોરણ 6 થી 8 નાં બાળકો માટે વિજ્ઞાન વિષયમાં અધ્યયન નિષ્પતીઓ આધારિત HOT પ્રકારના પ્રશ્નોની પ્રશ્ન બેંકની રચના કરવામાં આવી. જેનાં અભ્યાસ વડે કોઈ વિષય વસ્તુના મુદ્દાને લઈ કેવી વિવિધ રીતે પ્રશ્નો પુછાઈ શકે છે. ? બાળકો તેની સમજ કેળવે છે તથા તેનો મહાવરો કરે છે. વર્ગખંડ પ્રક્રિયા બાદ આ પ્રશ્નોની મદદથી બાળકનું મૌખિક તથા લેખિત મૂલ્યાંકન પણ કરવામાં આવે છે. જેનાં પરિણામ સ્વરુપ વિજ્ઞાન વિષયની એકમ કસોટીઓ તથા સત્રાંત પરીક્ષાઓમાં વિધાર્થીઓનાં દેખાવમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો.


આ ઈનોવેશનની શરૂઆત પૂર્વે ધોરણ 6 થી 8 નાં કુલ 72 બાળકોમાંથી માત્ર 40% બાળકો વિજ્ઞાન વિષયની કસોટીઓમાં 50% થી વધુ ગુણ પ્રાપ્ત કરી શકતા હતા, જ્યારે આ ઈનોવેશન બાદ 6 થી 8 નાં કુલ 72 બાળકોમાંથી 68% જેટલા બાળકોવિજ્ઞાન વિષયની કસોટીમાં 50% કરતા વધુ ગુણ મેળવતા થયા. આમ આ ઈનોવેશન ધોરણ 6 થી 8 નાં કુલ બાળકોમાંથી 28% બાળકોને વિજ્ઞાન વિષયમાં 50% કરતા વધુ ગુણની સિદ્દિધ હાંસલ કરવામાં મદદરૂપ થયેલ. તથા જે બાળકો 50% કરતા વધુ ગુણ મેળવતા હતાં તેઓ પણ પોતાના ગુણમાં વધુ સુધારો કરી શક્યા.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી



**' સંસ્કૃત વિષય શીખવા માટે ગુજરાતની એકમાત્ર**

**એન્ડોઇડ એપ્લીકેશન '**




**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી જાની નીરવકુમાકુમાર રસિકભાઈ

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી કુમારશાળા નંબર 1 રાજુલા, તા.રાજુલા, જિ.અમરેલી.

**ઈનોવેટરનો મોબાઈલ નંબર:** ૯૯૭૪૧૦૨૧૧૭

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ :** aimnirav@gmail.com


**હેતુઓ :**

- **ધોરણ ૬ થી ૧૦ ના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયનું ગુણવત્તાયુક્ત શિક્ષણ તદ્દન નિઃશુલ્ક પણે એક જ એપ્લીકેશનના માધ્યમથી પૂરું પાડવું.**

**કાર્યપદ્ધતિ :**

સૌપ્રથમ યુટ્યુબ પર Sanskritwala નામની ચેનલ બનાવી તેના ધોરણ ૬ થી ૧૦ નાં સંસ્કૃત વિષયના એનીમેટેડ તથા સેમી એનીમેટેડ પ્રકારનાં વિડીયો અપલોડ કરવામાં આવ્યા. ત્યારબાદ સંસ્કૃત વિષયના અન્ય ચાર તજજ્ઞ (SRG) મિત્રોની મદદથી દરેક ધોરણનાં સંસ્કૃત વિષયનું બાકી રહેલા મટીરીયલ જેમ કે એકમ કસોટીઓ, એકમ કસોટીઓની જવાબવહી તથા ઓનલાઈન ટેસ્ટ વગેરેનું નિર્માણ કાર્ય કર્યું. તથા તેને ગુગલ ડ્રાઈવ પર અપલોડ કરી વિડીયો તથા મટીરીયલની Sharable લીંક તૈયાર કરી. ત્યારબાદ ટેકનોલોજીનાં તજજ્ઞ શિક્ષક મિત્ર સંજયભાઈ પારધીને વાત કરતાં તેમણે આ એપ્લીકેશન બનાવવામાં ટેકનીકલ મદદ કરી. અને બહુ ટૂંકા સમયગાળામાં આ એપ્લીકેશન તૈયાર કરી આપી. સંસ્કૃત વિષયના તજજ્ઞ શિક્ષકોની સીધી દેખરેખ હેઠળ તૈયાર થયેલી આ એપ્લીકેશન વડે ધોરણ ૬ થી ૧૦ નાં સંસ્કૃત વિષયનું તમામ મટીરીયલ એક જ સ્થાન પર ઉપલબ્ધ કરવામાં આવ્યું. જેના ઉપયોગ વડે ધોરણ ૬ થી ૧૦ નાં દરેક વિદ્યાર્થીઓ ઘરે બેસીને સંસ્કૃત વિષય શીખી શકે છે. અને જરૂર જણાય ત્યાં એપ્લીકેશનમાં આપવામાં આવેલા WhatsApp બટનના ઉપયોગથી અમારી ટીમનો સીધો સંપર્ક કરી પોતાને મુંજવતા દરેક પ્રશ્નોનું સચોટ માર્ગદર્શન મેળવી શકે છે.

એ સાથે જ ગુજરાતમાં આવેલી અંદાજે 50 જેટલી સંસ્કૃત પાઠશાળા (સંસ્કૃત માધ્યમની શાળાઓ) માટે પણ આ એપ્લીકેશન વરદાનરૂપ સાબિત થાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે. એપ્લીકેશન પર સંસ્કૃત પાઠશાળાઓનાં સંપૂર્ણ અભ્યાસક્રમને આવરીલેવાનું પણ તબક્કાવાર આયોજન છે. અને એ સાથે જ Sanskritwala એપ્લીકેશન ફક્ત ગુજરાતી માધ્યમની શાળાઓ જ નહિ પરંતુ સંસ્કૃત પાઠશાળાઓ માટે પણ ઉપયોગી એવી ગુજરાતની સૌ પ્રથમ એપ્લીકેશન બની રહી છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

અહિયાં આપેલા QR Code ને સ્કેન કરીને એપ્લીકેશન આજે જ ડાઉનલોડ કરો.

આભાર.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## 'Performance Excellence'



**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી લાલજીભાઈ બી. સિંધલ

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી કન્યાશાળા-૩,રાજુલા, તાલુકો. રાજુલા ,જિ. અમરેલી.

**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૯૮૨૫૯૮૯૪૦૧

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : sindhallb@gmail.com

અરબી સમુદ્રની સમીપે ઔદ્યોગિક એકમોનું કેન્દ્રબિંદુ અને પથ્થરોમાં પારસ સમા ઘંટલા અને ખરલની ભૂમિ એટલે રાજુલા. અહી શહેરની ભાગોળે આવેલ રાજુલા કન્યાશાળા-3 માં કન્યા કેળવણી માટે નૂતન શૈક્ષણિક પ્રવાહો સાથે એકરૂપ એવી અનેકવિધ પ્રવૃતિઓ ચાલે છે. ગુણોત્સવ -8માં શાળાને A ગ્રેડ પ્રાપ્ત થતા મેળવેલ પ્રોત્સાહક ઈનામની રકમનો શાળામાં ગુણાત્મક સુધારણા માટે જ ઉપયોગ કરવા વિચાર્યું.

ધોરણ ૩ થી 8ના વિધાર્થીઓ PAT (સાપ્તાહિક કસોટી) માં સારા ગુણ પ્રાપ્ત કરવા રસ-રૂચી દાખવે તેમજ સત્રની શરૂઆતથીજ અભ્યાસ કાર્યમાં ઉમંગ ઉત્સાહથી જોડાય તે હેતુ અંતર્ગત**'Performance Excellence'**પ્રોજેક્ટ હાથ ધરવાનું નક્કી થયું અને**'Student Of the Month'** અને**'Student Of theYear'**જેવા **Excellence Award**ની જાહેરાત કરવામાં આવી.જે માં વિદ્યાર્થી જે તે માસ દરમ્યાન યોજાયેલ સાપ્તાહિક કસોટીઓમાં સૌથી વધારે ગુણ મેળવે તે વિદ્યાર્થીને **Student Of the Month** એવાર્ડઆપવાનું નક્કી થયું. આવીજ રીતે સમગ્ર વર્ષ દરમ્યાન યોજાયેલ તમામ કસોટીમાંથી સૌથી વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થીને **Student Of theYear** એવાર્ડ આપવાનું નક્કી થયું. ધોરણ ૩ થી 8માં દરેક વર્ગોમાં આ પ્રકારે એવાર્ડ સ્વરૂપે પ્રોત્સાહિક પારિતોષિક આપવાનું શરૂ કર્યું. અહી એક મહત્વની બાબત એ પણ નક્કી કરવામાં આવી કે જે વિદ્યાર્થી એક વખત અવોર્ડ મળવીલે તેને પછીના મહિનાથી **Student Of the Month** એવાર્ડની સ્પર્ધામાંથી બાકાત રાખવામાં આવે જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ વચ્ચે એક તંદુરસ્ત સ્પર્ધાનું વાતાવરણ ઉભું થાય. પરંતુ જે વિદ્યાર્થી એકવાર એવાર્ડ મેળવી લે તેને પણ વર્ષના અંતમાં મળનાર **Student Of theYearએવોર્ડ**ની સ્પર્ધામાં ટકી રહેવા તૈયારીતો શરુ રાખવી જ પડે અને વર્ષના અંત સુધી ઉત્સાહ જળવાઈ રહે તેમ આયોજન થયું.

**'Performance Excellence'માં** પાછળથી શાળામાંવિદ્યાર્થીઓ ની નિયમિત હાજરી, શિસ્ત, સ્વચ્છતા અને સુઘડતા જેવા માપદંડો પણ ઉમેરવામાં આવ્યા. આમ ધોરણ ૩ થી 8ના વિદ્યાર્થીઓ માટે**'Student Of the Month'** અને **'Student Of the Year'**એવોર્ડમાં પરોક્ષ તથા પ્રત્યક્ષ એમ કુલ ચાર માપદંડો હતા.

**1. શૈક્ષણિક મૂલ્યાંકન**

**2. શાળામાં નિયમિત હાજરી**

**૩.શિસ્ત**

**4. સ્વચ્છતા અને સુઘડતા**

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી



## ‘ શાળા અને સમાજના સંકલન માટે બીજ બેંક

**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી નાગલા સુરેશકુમાર ધનજીભાઇ
**શાળાનું નામ અને તાલુકો** : શ્રી આંસોદર પ્રા.શાળા તા.લાઠી. જિ.અમરેલી
**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૯૯૨૫૯૪૩૩૫૮
**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : ansodarprimary@gmail.com

શાળા અને સમાજનું જોડાણ , સમાજની ભાગીદારી . સાંપ્રત મહામારીના સમયમાં સમાજનો શાળાકાર્ય સાથે હકારાત્મક અભિગમ. બીજ વિતરણ સાથે વાલીઓની શાળામાં વારંવાર મુલાકાત. શાળાકાર્ય, ગુણવત્તા, બાળકનો પ્રોગ્રેસ જાણે. બાળક સ્વનિર્ભર (આત્મ નિર્ભર )બને. દેશી બીજની ઉપયોગિતા મહત્વ જાણે.

સાંપ્રત સમયમાં વાલી અને બાળકોને શાળા કાર્યથી અવગત કરવા ,બાળકોના પ્રોગ્રેસની જાણ કરવા,વિવિધ કાર્ય સબબ વાલીને શાળામાં આવતા કરવા ટેક્નોલોજીનો ઉપયોગ વિશેષ રીતે કરતાં થાય તે સ્વીકારતા કરવા શાળામાં બીજ બેન્કની શરૂઆત કરવામાં આવી.એકઠાં કરેલ દેશીબીજનો ઉપયોગ કરતાં થાય,મહત્વ સમજે,આત્મ નિર્ભર બને,ખર્ચ ઘટાડે,રસાયણિક અને જંતુનાશકોનો બેફામ ઉપયોગ અટકાવે,વિવિધ સારી જાતોના બીજ વિના મૂલ્યે મેળવે ,શાળામાં આવી વિશેષરીતે માહિતગાર થાય ,સમતોલ આહારની મહત્તા સમજે,કૂપોષણ વિષે જાણે ,બાળકોનો પ્રગતિ રિપોર્ટ મેળવે ,બાળકોના વિવિધતાસભર કામને મૂલવે ,ઓનલાઇન શિક્ષણ કાર્યમાં નકારાત્મકતા દૂર કરી સહકાર આપે તે હેતુસર આ કાર્ય પદ્ધત્તિ હાથ ધરેલ.

વિવિધ ઘરની મુલાકાત કરી બાળકો અને વાલીઓએ કરેલ શાકભાજીના વાવેતરનું અવલોકન કરવામાં આવેછે.બાળકોને આપેલ અવલોકન ચાર્ટ તપાસવામાં આવે છે.બીજની મહત્તા જાણી દેશીબીજનો ઉપયોગ સ્વીકારે છે તે ધ્યાને લેવામાં આવે છે.

વાલીની વારંવાર શાળા મુલાકાતથી બાળકના પ્રોગ્રેસિવ બદલાવ જોવામાં આવે છે. સાંપ્રત સમયમાં તેમની વિશેષ હકારાત્મકતા જોવા મળે છે.બીજા બાળકોએ કરેલ વિશેષ કાર્યથી પરિચિત થાય છે અને તેમના બાળકોને અવગત કરે છે. ઓનલાઈન શૈક્ષણિક કરીને મહત્વ આપે છે.શાળા કાર્યથી સાચી માહિતી જાણતા થાયછે.

હવે બાળકો “બીજી શાળા કરતાં મારી શાળા વધુ સારી છે” તેવું ગર્વથી કહી શકે છે. અને શાળાએ આવવાના બહાના શોધે છે. આમ બાળકોને પ્રિય અને મનગમતી શાળાની બોલતી દિવાલોનો આ નવતર પ્રયોગ મહદઅંશે સફળ રહ્યો છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## "Own's Audio Litereture"




**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી ડૉ. હિતેન્દ્રસિંહ કિરીટસિંહ ગોહિલ

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી કલાપી વિનય મંદિર – લાઠી તા. લાઠી, જિ.અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૯૮૨૮૨૮૪૦૭૯

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : hkgohilphysics@yahoo.com


આ વર્ષે કોરોનાની વૈશ્વિક મહામારીમાં સરકારશ્રી ની ગાઈડ લાઈન અનુસાર શાળામાં શૈક્ષણિક કાર્ય બંધ કરી online વર્ગ કાર્ય માટે દિશા નિર્દેશ કરેલ પરંતુ આજના મોબાઈલ યુગમાં જો વિધ્યાથીને મોબાઈલનો સદઉપયોગ કરે એ પણ જરૂરી છે. આ માટે મને એક વિચાર આવ્યો ....

"Own's Audio Litereture"

આપણે કોઈ ગીત કે ધૂન ને કંઠસ્થ કરવા માટે ક્યારેય 5 કે 10 વખત લખીને પાકી કરી નથી છતાં પણ ગીત કે ધૂન આપણે શબ્દસહ યાદ રાખી સકાય છે. ખરેખર તો આપણે વાચીએ તેના કરતાં વધુ વખત સભાળીએ છીએ અને યાદ રાખી એ છીએ. જો આજ પરિસ્થિતી આજના વિધ્યાર્થીઓમાં અભ્યાસ અર્થે કરીએતો તેમણે નવીનતા ની સાથે પોતાના ઓડિઓ જાતે બનાવે અને પોતાના અભ્યાસનું પુનરાવર્તન કરે. આમ , વિધ્યાર્થીઓ સતત હેન્ડસ ફ્રી ની મદદ થી અન્ય ગીત સંગીત સભાળતા હોય તેના સ્થાને જો પોતે પોતાના વિષયના ઓડિઓ બનાવી સભાળે તો તે પોતે કરેલા કાર્યથી અભિયાસ માં વધુ ક્રિયાશીલ બને.

ઉપરોક્ત પ્રયોગ માટે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના વિધ્યાર્થીઓ માં ભૌતિક વિજ્ઞાનના વર્ણાનાત્મક પ્રશ્ન – જવાબ સરળતાથી યાદ રાખી શકે તે માટે વિધ્યાર્થી વરણાત્મક પ્રશ્ન – જવાબના પોતાના અવાજમાં ઓડિઓ બનાવી સમયાંતરે સાભાળે અને સતત રિવિઝન કરતાં રહે અને વરણાત્મક પ્રશ્ન – જવાબ ને વધુ સરળતાથી યાદ રાખી શકે તે માટે દરેક વિધ્યાર્થીઓને online તાસમાં સમજ આપેલ અને આ નવતર પ્રયોગ 01 / 10 / 2020 થી શરૂ કર્યા જે હાલ પણ કાર્યરત છે.

ઉપરોક્ત ઈનોવેશન પહેલાં ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના વિધ્યાર્થીઓના માં ભૌતિક વિજ્ઞાનના વર્ણાત્મક પ્રશ્ન – જવાબને કંઠસ્થ કરવા માટે ઘણી મુશ્કેલી પડતી હતી અને ખાસ તો તેના રિવિઝન ક્યારે અને કેમ ઝડપથી કરવું એ પણ એક પ્રશ્ન હતો. મોટા ભાગના વિધ્યાર્થીઓ આવા પ્રશ્નને તૈયાર કરવાનું ટાળતા હતા અને વિષયથી અળગા રહેવા લાગેલ.

ઈનોવેશન કર્યા બાદ વિધ્યાર્થીઓમાં એક અનેરો આત્મવિશ્વાસ જોવા મળેલ જે વર્ણાત્મક પ્રશ્નને તૈયાર કરવા માટે મુશ્કેલ લાગતું હવે તે જ પ્રસ્ન ના જાતે ઓડિયો કે વિવિધ વિડીયો બનાવી સતત રિવિઝન કરી ભૌતિક વિજ્ઞાનમાં રસ લેતા થયા આ ઉપરાંત નવરાશના પળોમાં ઓડિયો સાંભળી સતત રિવિઝન કરે છે.

વર્ણાત્મક પ્રશ્નને તૈયાર કરવા માટે મુશ્કેલ જણાતા ભૌતિક વિજ્ઞાનના પ્રકરણ 11 માટે ઉપરોક્ત પ્રયોગ શરૂ કરેલ જે એટલો બધો અસરકારક રહેલ કે જેના પરથી વિધ્યાર્થીઓ દરેક પકરણ ના ઓડિયો બનાવેલ ઉપરાંત અન્ય વિષયના પણ આવા ઓડિયો બનાવેલ. આ ઉપરાંત વિધ્યાર્થીઓ ની લેવાયેલ ટેસ્ટમાં પણ સારો એવો પ્રતિભાવ મળેલ.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

' ડૉ. વિક્રમ સારાભાઇ વર્ચ્યુઅલ વિજ્ઞાનમેળો–2020–21'



**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી આર.ડી . હેલૈયા

**શાળાનું નામ અને તાલુકો** : દામનગર પે.સેન્ટર શાળા નં.1(ગ્રીન સ્કૂલ) તા.લાઠી જિ.અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નંબર**: **૭૮૭૮૩૮૭૧૪૧**

**ઈનોવેટરનું ઈમેઈલ એડ્રેસ** : rdhelaiya@gmail.com

આપણે સૌ જાણીએ છીએ કે હાલની કોરોના મહામારીની વિકટ પરિસ્થિતીમાં શાળા બંધ પણ શિક્ષણ કાર્ય ચાલુ છે . ત્યારે અવાર નવાર બાળકોના ઘરે હોમલર્નિંગ અંતર્ગત મુલાકાત કરવામાં આવતી હતી આ મુલાકાત . . દરમિયાન ઘણા વિદ્યાર્થીઓએ મને પ્રશ્ન પૂછ્યો કે સાહેબ દર વર્ષે તો વિજ્ઞાન મેળો યોજાય છે . તો આ વર્ષે વિજ્ઞાનમેળો ક્યારે યોજાશે? આવા વેધક સવાલથી મને થયું કે કોઈપણ પરિસ્થિતી હોય મારી શાળાના બાળકો માટે મારે વિજ્ઞાનમેળાનું આયોજન કરવુ જ જોઈએ.

શાળા બંધ છે ત્યારે બાળકોમાં વિજ્ઞાન વિષયમાં રસ રુચિ ઓછી થવાની સમસ્યાના લીધે તેમજ તેની-સર્જનાત્મકતા અને પ્રૌધ્યોગિક વિકાસમાં સમસ્યા ઊભી થવાના ડરથી આ નવતર પ્રયોગ દ્વારા બાળકોમાં વિજ્ઞાન વિષયને ખૂબ સરળતાથી સમજી શકાય , તેનો ડર દૂર થાય અને વિજ્ઞાન વિષયમાં રસ રુચિ વધે તે માટે આ નવતર-.પ્રયોગથી સમસ્યાનું નિરાકરણ કરી શકાય

જેમાં મે મારી શાળાના ધોરણ 6 થી 8 ના તમામ બાળકો તથા વાલી સાથે આ આયોજન વિશેની ચર્ચા કરી.જેમાં બાળકોએ પોતાની ભાગીદારી દર્શાવી.જેમાં સૌ પ્રથમ આ આયોજનમાં વિજ્ઞાનકૃતિ/મોડેલ કઈ રીતે તૈયાર કરવા તેના માટે 1 (એક) મહિના જેટલા સમયગાળામાં **(તા.01/10/2020 થી તા.02/11/2020)**આ આયોજન કરવાનું નક્કી કર્યું. જરૂર પડે બાળકો સાથે ફોન તથા રુબરુ મૂલાકાતથી સમજ આપવામાં આવી.

આ વિજ્ઞાનમેળાનું આયોજન વર્ચ્યુયલ રીતે કરવાનું હોય તે માટે માઈક્રોસોફ્ટ ટીમ્સથી પોતાની કૃતિનું નિર્ણાયક સમક્ષ પ્રેઝંટેશન કઈ રીતે કરવું તે માહિતી આપી.બાળકોએ પોતાના ઘરે રહીને જ આ કૃતિઓ તૈયાર કરી પોતાના ઘરેથી જ તેનું પ્રેઝંટેશન કરે તેવું આયોજન કર્યું. આ આયોજન માં અમારી સાથે તાલુકાની અન્ય શાળાના બાળકોએ પણ વિજ્ઞાન મેળા માં પોતાની કૃતિઓ રજુ કરવા માટે તૈયારી દર્શાવી હતી દિવાળી વેકેશન સમયગાળા દરમિયાન તારીખ **02/11/2020** ના રોજ સવારે **10:00**કલાકથી આ વિજ્ઞાનમેળો વર્ચ્યુઅલ રીતે માઈક્રોસોફ્ટ ટીમ્સના માધ્યમથી રાખવામા આવ્યો.બાળકોએ તૈયાર કરેલ કૃતિઓમાંથી પસંદ થયેલી ૩૦ કૃતિઓનું બાળ વૈજ્ઞાનિકો દ્વારા પોતાની કૃતિઓનું નિદર્શન અને સમજ વર્ચ્યઅલ રીતે આપવામાં આવી.

આ આયોજનમાં અન્ય જિલ્લા (રાજકોટ ,બોટાદ,ભાવનગર..)માથી સરકારી હાઈસ્કૂલના વિજ્ઞાન વિષયના તજ્જ્ઞશ્રીઓ નિર્ણાયક તરીકે વર્ચ્યઅલ રીતે જોડાઈને તમામ ક્રુતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યુ.

આ વિજ્ઞાનમેળામાં બાળવિજ્ઞાનિકોની અભિવ્યક્તિને આવકારવા તથા પ્રોત્સાહનનો પ્રાણવાયુ પૂરો પાડવા ડાયટ અમરેલી પ્રાચાર્ય શ્રી તેમજ સ્ટાફ તથા લાઠી તા પ્રા.શિ .અધિકારી સાહેબ શ્રી., લાઠી BRC સાહેબ,CRC મિત્રો ,વાલીશ્રીઓ, શિક્ષક મિત્રો તેમજ વિદ્યાર્થીમિત્રો વર્ચ્યુયલ પ્રેરક ઉપસ્થિત રહ્યા હતા. કોરોના જેવી મહામારીમાં આવા નવતર પ્રયોગ કરી બાળકોના શિક્ષણને વધુમાં વધુ અસરકારક બનાવવું એ આપણાં સૌની એક જવાબદારી અને નૈતિક ફરજ છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## ”ગુજરાતી ભાષાનો વૈભવ”



**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી દવે શિતલબેન પ્રતાપરાય

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી મોટા કણકોટ પ્રા.શાળા તા.લીલિયા જી. અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નંબર**: ૮૮૪૯૧૫૨૩૭૨


**ઈનોવેટરનું ઈમેઈલ એડ્રેસ** : shitalmehta1042@gmail.com

અમરેલી જીલામાં શેત્રુંજી નદીના કાંઠાથી અને ખારોપાટ વિસ્તારમાં આવેલી અને સંતશ્રી રાઘવદાસબાપુના આશ્રમની ગામતળમાં આવેલી શાળા એટલે શ્રી મોટા કણકોટ પ્રા.શાળા અને તે શાળામાં છેલ્લા ૧૪(ચઉદ) વર્ષથી મારી ફરજ બજાવું છું. "મા" એટલે આપણી માતૃભાષા. જે ભાષામાં આપણે સમજીએ, શીખીએ જાણીએ અને પછી ગ્રહણ કરીએ તે આપણી ભાષા. નવી શિક્ષણ નીતિમાં પણ માતૃભાષા શિક્ષણ આપવું તેની પર ભાર મુકવામાં આવેલો છે. અને ગુજરાતી ભાષાને ખુબ જ મહત્વ આપવામાં આવેલું છે. મારા મતે પણ જેની ગુજરાતી ભાષા સમૃધ્ધ તેને બીજી ભાષા શીખતા વાર નહી લાગે ગુજરાતી ભાષા વધારે રસપૂર્વક બાળકો શીખે તે માટેના પ્રયત્નો કરેલાં છે. ધોરણ ૬ થી ૮ માં એકમની શરૂઆત કરીએ ત્યારથી કવિ/લેખકનો પરિચય અને તેનો ટૂંકસાર આપેલો છે. પરંતુ ધો ૩ થી ૫ માં આપેલું હોતું નથી પરંતુ બાળકો પાયાના ધોરણથી જ કવિ/લેખક વિશે જાણે અને સમજે. તેની ઓળખ/તેનો જન્મ/મૃત્યુ/તેની જીવનઝરમર વિષે જાણે અને સમજે. એકમ શીખવતા પહેલાં બાળક તેનો કવિ/લેખક પરિચય વાંચે અને તેની ઓળખ મેળવે. અને તેનો ટૂંકસાર કહેવાથી તેને વધારે ગમે. અને હોંશે-હોંશે શીખતા અને સમજતાં થયા.

શાળામાં ગુજરાતી ભષાનો વૈભવ કાર્યક્રમનું સમગ્ર વર્ષ દરમિયાન મૂલ્યાંકન પણ કરવામાં આવે છે. અને બાળકોને પ્રોત્સાહિત રૂપે ઈનામો પણ આપવામાં આવે છે. અને વાલીઓનો પણ પ્રતિસાદ સારો મળેલો છે.

આવી રીતે "માતૃભાષા શિક્ષણ એ માના ખોળા સમાન છે."

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી



## “કોવિડ–19 દરમિયાન હોમલર્નિંગના બહુવિધ આયામ ”

ઈનોવેટરનું પૂરું નામ : શ્રી ડૉ. પ્રણવજે. વ્યાસ

શાળાનું નામ અને તાલુકો : શ્રી કુમારશાળા લીલીયા, તા. લીલીયા , જિ. અમરેલી.

ઈનોવેટરનો મોબાઈલ નંબર : ૯૪૨૮૬૧૫૩૦૯

ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ : pj.puppet@gmail.com

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકામાં લીલીયા તાલુકા મથકે મારી લીલીયા કુમાર પે.સેન્ટરશાળા આવેલી છે covid 19 ની મહામારી દરમિયાનલોક ડાઉનની સ્થિતિ માં બાળકોને વિવિધ રીતે અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં જોડવાનું થયું ત્યારે વર્ચ્યુઅલ ક્લાસરૂમ બાળકોને ભણાવતી વખતે પુસ્તકમાંથી કોઈ પણ મુદ્દો કે કોઈપણ આકૃતિ કોષ્ટક વગેરે બાબતની ચર્ચા કરતી વખતેપાઠ્યપુસ્તકની પીડીએફમાં ઓફિસ શૂટ એપ્લિકેશનની મદદથી પીડીએફમાં વિવિધ કલરની નાના-મોટા પોઈન્ટની ટીપાંનો ઉપયોગ કરીને પાઠ્યપુસ્તકના જે તે મુદ્દા સંદર્ભે તે મુદ્દા ની પીડીએફ પીડીએફમાં તે મુદ્દા ઉપર જ મોબાઈલમાં નોંધ સૂચના કે સંકેત ઓ દોરી બાળકોને સમજાવવાથી અધ્યયન અધ્યાપન અધ્યયન અધ્યાપન પ્રક્રિયા સરળ બની કઈ મુદ્દાની વાત થઇ રહી છે આકૃતિ ના કયા ભાગ ની વાત થઇ રહી છે તે પણ ઝડપથી બાળકોને સ્પષ્ટ થયું.

વર્ચ્યુઅલ ક્લાસરૂમ દરમિયાન એક મર્યાદાએ પણ આવી જે જેતે બાળકો સાથે ઉપલબ્ધ ડિવાઈસમાં દરેક સાથે દરેક બાળક પાસે ઉપલબ્ધ ડિવાઈસ મેમરી પરફોર્મન્સ વગેરે બાબતોમાં પણ ભિન્નતા હોવાથી ક્યાંક કોઈ બાળકને સાંભળવામાં તકલીફ થતી તો વળી ઘણી વખત બાળકોને સતત મોબાઈલ હાથમાં રાખવામાં પણ તકલીફ હતી અથવા તો મોબાઈલને તેમની સામે કોઇ યોગ્ય સ્થિતિમાં રાખવા માટે અલગ -અલગ વસ્તુઓનો સહારો લેવો પડતોતો આ બંને મુશ્કેલીઓ મારા ધ્યાને આવતા દરેક બાળકોને ઈયરફોન અને મોબાઇલ સ્ટેન્ડ ઉપલબ્ધ કરાવ્યો જેથી બાળકોને સાંભળવામાં અનુકૂળતા રહે વળી મોબાઇલસ્ટેન્ડ હોવાથી તેમણે મોબાઈલને ફિર રાખવા માટે મોબાઈલ પકડી રાખવાની કે અન્ય કોઈ વસ્તુનો ઉપયોગ લેખ કરવાની પણ જરૂર ના રહી.

lockdownની સ્થિતિમાં સામાન્ય મજૂરી કરી અને ગુજરાન ચલાવતા વાલીઓ માટે ક્યારેક નેટ રિચાર્જ કરાવવું એ પણ સમસ્યા થતી એવા સંજોગોમાં બાળકને બે ત્રણ કે વધારે દિવસ માટે વર્ચ્યુઅલક્લાસથી દૂર થઈ જતો આવા સંજોગોમાં આ વાલીઓને વ્યક્તિગત મળી દરેક વ્યક્તિની આર્થિક સ્થિતિ જાણી અને જરૂર જેમને લાગી અને જે વાલીઓએ સંમતિ આપી દેવા વાલીઓને નેટ રિચાર્જ કરાવી દેવાની સુવિધા પણ ઊભી કરી આથી વર્ચ્યુઅલક્લાસ રૂમમાં લોગીન થયેલા કોઇ બાળક સંસાધનોના અભાવે ન જોડાઈ શકે એવું ન બને.

ઘણીવાર એવું પણ બનતું કે વિદ્યાર્થીઓથી કે વાલીઓથી પણ શરતચૂકથી microsoft team એપ્લિકેશનમાંથી લોગઆઉટ થઈ જવાતું અથવા તો એપ્લિકેશન જ uninstall થઈ જતી આવા સંજોગોમાં વાલીઓને મુશ્કેલી અનુભવાતી શાળા સમય દરમિયાન તો વાલીઓ મારો સંપર્ક કરે એટલે એમને મળી આસમસ્યાનું નિવારણ કરી શકતો પણ શાળા સમય સિવાયના સમયમાં અથવા તો રજાઓના દિવસમાં આવી સમસ્યા ઉદ્ભવેતો વાલીઓને લોગીન થવામાં સમસ્યા મુશ્કેલી થતી અને બાળક એક દિવસ માટે varchul ક્લાસથી દૂર થઈ જતો આવા સંજોગોમાં મારા જ વર્ગના બે વાલીઓ સાથે ચર્ચા કરતા તે બંને વાલીઓએ મારા વર્ગના કોઈ પણ વાલીને microsoft teams માં કંઈ પણ ટેકનિકલ સમસ્યા ઉભી થાયતો તેનું નિવારણ કરી આપવાની તૈયારી બતાવીછે આ વાલીઓને માઈક્રોસોફ્ટટીમના ટેકનીકલ સપોર્ટ માટે તૈયાર કરી આ બંને વાલી ઓનો ફોટા સાથે નામ નંબર વગેરે whatsappગ્રુપમાં મૂક્યું હવે જ્યારે શાળા સમય સિવાયના સમયમાં કે જાહેરરજાના દિવસે કોઈ પણ વાલીને આવી કોઈ ટેકનીકલ ઈશ્યૂઓ થાયછે ત્યારે એમ આઈ એપ્લિકેશન ટેકનિકલઈસ્યુ આ બંને લોકલ સપોર્ટમાં કામ કરનાર વાલી શ્રીઓધર્મેશભાઈ કડેવાળ અને મનીષભાઈ વાઘેલાએ બંને સમસ્યાનું નિવારણકરી આપેછે.

જેતે વિદ્યાર્થીઓને ક્લાસ દરમિયાન જ્યારે કોઈ હોમવર્ક આપવામાં આવે ત્યારે વિદ્યાર્થીઓ દ્વારા ગૃહકાર્ય કરી વોટ્સએપના માધ્યમથી એના ફોટા મને જ્યારે મોકલવામાં આવે ત્યારે whatsappમાં જ ફોટા ઓમાં કરેક્શન કરીને પરત ગૃહકાર્યના ફોટાવાલીને whatsappકરવામાં આવેછે જેથી વાલી અને વિદ્યાર્થી બંનેને એમના મૂલ્યાંકનની સ્થિતિનો ખ્યાલ આવે તેમજ ગૃહકાર્યકરી અને મોકલવામાટે દરેક વાલીઓ અને વિદ્યાર્થીઓ સજાગ રહે આમ કરવા પાછળનો હેતુ માત્ર અને માત્ર એટલોછે કે સામાન્ય દિવસોની જેમજ ક્લાસમાં પણ વિદ્યાર્થી અને વાલીઓએ બંને અધ્યયનઅધ્યાપન પ્રક્રિયામાં રસ -રુચિ પૂર્વક તેમજ સજાગતાથી જોડાયેલા રહે . મારા વર્ગના 23 માંથી ૧૬ જેટલા વિદ્યાર્થીઓ ક્લાસમાં જોડાઈ ગયાછે .આગામી દિવસોમાં હજી બીજા ત્રણ વિદ્યાર્થીઓ પણ ટૂંક સમયમાં જોડાશે ત્યારે તેવા સંજોગોમાં વાલીઓને મોટીવેટ કરવા માટે જોડાયેલ તમામ બાળકોના વાલીઓને બેસ્ટ પેરેન્ટનો બેઈઝ આપી સન્માન કરવું

આ ઉપરાંત માઈક્રોસોફ્ટ લોકલ સપોર્ટ ટીમમા કામ કરનાર બે વાલીઓનું પણ આગામી સમયમાં શાળાપરિવાર વતી પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવશે જેથી ભવિષ્યમાં પણ શાળાના કોઈ પણ કામમાં વિદ્યાર્થીઓને સહાય થવા માટે શિક્ષકો દ્વારા આહવાન કરવામાં આવેતો વાલીઓ આવા ઉદાહરણોને ધ્યાને લઈને ઉત્સાહપૂર્વક શાળાપરિવાર સાથે વિવિધ કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક જોડાઈ.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## 'વાણી વર્તનમાં પરિવર્તન'



**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી સંજયભાઈ ભીખાભાઈ વાળોદરા
**શાળાનું નામ અને તાલુકો** : શ્રી અંટાળિયા પ્રાથમિક શાળા તા.લીલીયા જિ. અમરેલી
**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૭૬૯૮૨૮૩૮૦૮
**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : sanjay.valodara86@gmail.com

અમરેલી જિલ્લાના "અંટાળેશ્વર મહાદેવ"ના સાનિધ્યમાં શ્રી અંટાળિયા પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાનના વિષય-શિક્ષકશ્રી સંજયભાઈ ભીખાભાઈ વાળોદરા આચાર્ય તરીકેની ફરજ બજાવે છે.

અમારી શાળાના બાળકોમાં વાણી વર્તન પરિવર્તન લાવવા સૌપ્રથમ મે ખૂબ મથામણ કરી કે બાળકોમાં મૂલ્યો ઉજાગર કરવા શું કરવું ,? ત્યારે ઘણી મથામણ બાદ મને પી .ટી.સી.ના દિવસો યાદ આવ્યા ! એ વખતે અમારા ગુરુજી શ્રી લાઠીયા સાહેબ પ્રાર્થનામાં દરરોજ ગાંધીજીનું લખેલું પુસ્તક સત્યના પ્રયોગો માંથી પ્રેરક વાંચન કરતા અને એ દ્વારા મૂલ્યલક્ષી પ્રેરણા આપતા. તેથી તે સમયની વાત યાદ આવતા મેં નક્કી કર્યું કે દરરોજ પ્રાર્થના સભામાં ગાંધીજીએ લખેલી સત્યના પ્રયોગોમાંથી એક એક પ્રસંગનું પ્રેરક વાંચન કરવું અને એ મુજબ મેં દરરોજ પ્રાર્થનામાં પ્રેરક વાંચન શરૂ કર્યું અને ત્યારબાદ મૂલ્યલક્ષી પ્રેરણા આપવાનું શરૂ કર્યું.તેની સાથોસાથ એ પણ નક્કી કર્યું કે અઠવાડિયામાં બે દિવસ ગાંધીજીના દિવસ તરીકે ઉજવવામાં આવે એટલે ગાંધીજી જે રીતે સત્યના આગ્રહી હતા અને જે રીતે વાણી વર્તન કરતા તે રીતે સમગ્ર શાળા માં ગાંધીજીને અનુલક્ષીને વર્તન કરી ગાંધીજી દિવસ ઉજવવાનું શરૂ કર્યું.

ત્યારબાદ હું દરરોજ એક દિવસના અમુક સમયના ભાગમાં દરેક બાળકોનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવા લાગ્યો કે બાળકોમાં આ નવતર પ્રયોગથી તેની કેવી અને કેટલી અસર થઈ છે , તેનું અવલોકન કરતો અને જે બાળકોમાં પોઝિટિવ અસર જોવા મળી, તેની પ્રાર્થનામાં પ્રેરણાદાયી વાત કરી બિરદાવવા માં આવતો , જેથી બીજા બાળકોને પ્રોત્સાહન મળી રહે. ત્યારબાદ પ્રાર્થના સભામાં સુધા મૂર્તિ એ લખેલ પુસ્તક મનની વાત માંથી પણ પ્રેરક વાંચન કરતો અને બાળકને પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવતું અને આ કાર્ય પદ્ધતિ ચાલુ જ છે.

અને આ કાર્ય પદ્ધતિ અને પ્રણાલી થી ખરેખર બાળકમાં વાણી વર્તનમાં પરિવર્તન થયું છે કે નહીં તે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અવલોકન કરવામાં આવે છે અને પોઝિટિવ લાગતી બાબત પ્રાર્થના સભામાં તેનું અચૂક વર્ણન કરવામાં આવે છે.

ખરેખર, આ નવતર પ્રયોગથી અમારી શાળાના બાળકોમાં ઘણાં પરિવર્તનો જોવા મળ્યા છે અને થઈ રહ્યા પણ છે. માત્ર આ પ્રયોગની હમણાં શરૂઆત જ થઈ છે અને તે લાંબા સમય સુધી શરૂ રાખવાનો મારો નમ્ર પ્રયાસ રહેલો છે કારણકે આ મૂલ્યલક્ષી પરિવર્તન એ લાંબા ગાળાની પ્રક્રિયા છે...........

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## " POCKET BOOK FOR MATHEMATICS AND SCIENCE "




**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી વરુણકુમાર અતુલભાઈ દવે

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી કેરાળા(ધાર)પ્રાથમિક શાળા તા. સાવરકુંડલા જિ.અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૯૬૦૧૦૪૧૫૯૦

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : varundave315@gmail.com


"જ્ઞાન કરતાં કલ્પનાનું મહત્વ ઘણું વધારે હોય છે,
જ્ઞાન સિમિત હોય છે પણ કલ્પના અસિમિત હોય છે."

-આઈન્સ્ટાઈન

ચારેય બાજુ વેરાન વિસ્તાર ,પાણીનો કોઈ વરતારો નહીં ,જયા જુઓ ત્યાં બસ ખારોપાટ વિસ્તાર ,જમીનમાં પાણી નહીં વરસાદ પર આધાર સિહોની ગર્જના કરતો ,ધારની ચોટીની બાજુમાં આવેલ આ અંતરિયાળ વિસ્તારની એક શાળા જેનું નામે કેરાળા(ધાર)જેમાં વસ્તીનું પ્રમાણ ઓછું અને બાળકોની સંખ્યા 84 જેમાં બાળકો જ્ઞાન સાથે ગમ્મત અને ટેક્નોલોજી દ્વારા શિક્ષણ માટે આ નવતર પ્રયોગની શરૂઆત કરવામાં આવી હતી.

**શાળા બંધ છે. શિક્ષણ નહીં. તે** સાર્થક કરવા માટે મારી શાળામાં બાળકોને શિક્ષણ બાકી ન રહે તે માટે Microsoft teams application દ્વારા પાઠ લેવાનું આયોજન કરવામાં આવ્યું અને મારા દ્વારા સૌ પ્રથમ પાઠ ઘરે શીખીએની વિવિધ પ્રવૃતિની સમજૂતી આપવામાં આવી અને ત્યારબાદ સમય પત્રક અનુસાર પાઠ લેવાનું શરૂ કર્યું અને તેમાં એનિમેશન અને વિડિયો દ્વારા શિક્ષણ આપવામાં આવે અને મૂલ્યાંકન ગૂગલ ફોર્મ દ્વારા કરવામાં આવે છે અને એકમ કસોટી આપવા આવે છે પરતું ધોરણ૬થી૮માં ગણિત-વિજ્ઞાન વિષયમાં બાળકોને virtual ક્લાસરૂમમાં રસ ઓછો લાગે છે કેમ કે બાળકો ટેક્નોલોજીના જાણકાર ન હતા. સાથે વાલી પણ મોબાઈલ ફોન આપે તો નેટવર્કની સમસ્યા સાથે સમજૂતી આપવા છતાં બાળકો યાદ ન રાખી શકતા. તે માટે બાળકો માટે મારા દ્વારા એક પોકેટ બૂક જે બાળકો ગમે ત્યારે સાથે રાખી શકે અને તેનો અભ્યાસ કરી શકે તે માટે આ નવતર પ્રયોગ કરવામાં આવેલ છે..

**POCKET BOOK FOR SCIENCE AND MATHEMATICS:-** આ બૂકની મદદથી બાળકો ભાર વગરના ભણતરનો અનુભવ થશે.અને આ બૂક માં પ્રથમ સત્રના બધા પાઠની સમજૂતી હસ્તલિખિત મારા દ્વારા રચના કરવામાં આવેલ છે .અને ગણિતમાં આવતા સૂત્રો ,રચના ,કોયડા,ભૂમિતિના ખ્યાલનું ટૂકમાં વર્ણન કરેલ છે.સાથે વિજ્ઞાનમાં પણ બધા પાઠના મુખ્ય મુદ્દા ને વ્યાખ્યા,પ્રયોગો અને નાના પ્રશ્નોની સમજૂતી આપેલ જેથી બાળકો સરળતાથી શીખી શકે. બાળકોને સરળ સમજૂતી માટે અને સરળતા માટે આ બૂક બનાવવામાં આવેલ છે. આ પોકેટ બૂકમાં QR CODE પણ લગાડવમાં આવેલ છે અને તેનો ઉપયોગ બાળકો વિડિયો જોઈ શકે છે સાથે સાથે દર વીકમાં એક વાર ગૂગલ ફોર્મના માદયમથી મૂલ્યાંકન કરવા આવે છે .

પરિણામ :-

- ગણિત અને વિજ્ઞાન વિષયમાં રસ કેળવે
- ગણિતની સમસ્યાનું નિવારણ જાતે લાવી શકે વૈજ્ઞાનિક અભિગમ કેળવે
- પ્રત્યક્ષ દર્શનથી ઝડપી યાદ રહી જાય અને સમજૂતી સારી રીતે કેળવે શકે
- બધી સંકલ્પના અને વિષયવસ્તુ મહાવરો થઈ શકે
- 3D અને એનિમેશન જોઈ ઉત્સાહ જાગે અને સર્વાંગી વિકાસ થાય

'AN EQUATION MEANS NOTHING TO ME UNLESS IT EXPRESSES A THOUGHT OF GOD '

-RAMANUJAN

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## 'શાળા બંધ છે, શિક્ષણ નહિ "



**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી જોષી પૂજાબેન હર્ષદ કુમાર

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી થોરડી પ્રાથમિક શાળા ,તા. સાવરકુંડલા. જિ. અમરેલી.

**ઈનોવેટરનો મોબાઈલ નંબર :** ૯૪૨૯૪૫૪૧૭૭

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : joshipooja2004@gmail.com.

અમરેલી જીલ્લાની સાવરકુંડલા તાલુકાની શ્રી થોરડી પ્રાથમિક શાળામાં હું મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવું છું . આ શાળામાં મારી નિમણુક થઈ અને હજુ તો છ મહિના પણ થયા ન હતાંને આ કોરોનાની મહામારીમાં શાળા બંધ થઈ , ધો-6 થી 8માં ભાષા શિક્ષક ગુજરાતી વિષયના હોવાથી બાળકોને અંગ્રેજી વિષય શીખવવાની જવાબદારી મે લીધી અને બાળકોને પાયાથી અંગ્રેજી શીખવવા માટેના ઉત્સાહમાં શાળાઓ બંધ થતાં જાણે ગ્રહણ લાગ્યું . પરંતુ ઓનલાઈન શિક્ષણ તેનો વિકલ્પ બની રહ્યો. ધો-6 થી 8 માં અંગ્રેજી વિષય આનંદદાયી તથા રસપ્રદ રીતે શીખવવા માટેની પધ્ધતિ - પ્રયુક્તિઓનું ઉંડાણપૂર્વકનું માર્ગદર્શન મને ડાયટ અમરેલી, ડો. સુતરીયા સર તથા બ્રિટિશ કાઉન્સિલ દ્વારા મળ્યું. આ પ્રયુક્તિઓને ઓનલાઈન શિક્ષણમાં સમાવેશ કરવા માટે મારા દરરોજના અંગ્રેજી ના ઓનલાઈન શિક્ષણમા audio- vidio, picture dictionary, picture story, slide show, games જેવા સાહિત્ય એકત્ર કરી એક facilitatorની ભૂમિકા ભજવી શકાય.બાળકો આનંદ સાથે અંગ્રેજી શીખતા થયા . અંગ્રેજી વાંચનમાં ખચકાટ અનુભવતા વિદ્યાર્થીઓ પણ આત્મવિશ્વાસથી વાચતા થયા.

શાળાના આચાર્ય તરીકે મારી શાળાના ધો 1 થી 8ના તમામ શિક્ષકોને પણ ઓનલાઈન શિક્ષણમા મહત્તમ વિદ્યાર્થીઓને જોડવા માટે પ્રોત્સાહિત કર્યા. સતત ચાર મહિના આનંદદાયી પ્રવૃત્તિ સાથે ઓનલાઇન શિક્ષણ બાળકો સુધી પહોંચી શક્યું.અમારી શાળાની મુલાકાત માટે આવતા CRC તથા BRP દ્વારા પણ અમારી શાળાના કાર્યને અભિનંદન પાઠવવામાં આવ્યા.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

## "Online Education_"



**ઈનોવેટરનું પૂરું નામ** : શ્રી ધોળકિયા મિતેશભાઈ બાબુભાઇ

**શાળાનું નામ અને તાલુકો** : શ્રી બોરાળા પ્રાથમિક શાળા, તા: સાવરકુંડલા, જિ: અમરેલી

**ઈનોવેટરનો મોબાઈલ નંબર** : ૯૪૨૬૧૨૬૩૧૨

**ઈનોવેટરનું ઈ-મેઈલ એડ્રેસ** : dholakiya.mit@gmail.com

કોરોના વાયરસ મહામારીને લીધે માર્ચ-2020 થી શાળાઓમાં રૂબરૂ શૈક્ષણિક કાર્ય બંધ કરવામાં આવ્યું છે. મારા ગુજરાતનાં વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત રહે તે કોઈ કાળે પોષાય નહીં તેથી મારા મનમાં Online Educationનો વિચાર સ્ફુર્યો. આ વિચાર બીજથી ગુજરાતનાં વિદ્યાર્થીઓ માટે સરળ ભાષામાં Youtube Channel "MBDholakiyaEducation"ની શરૂ કરવામાં આવી. સાથે સાથે www.MBDholakiyaEducation.blogspot.com websiteની પણ શરૂઆત કરવામાં આવી.

**"શાળાઓ બંધ છે શિક્ષણ નહીં"**

આ સૂત્રને સાર્થક કરવાં માટે મારા દ્વારા Microsoft Teams Applicationમાં વર્ચ્યુઅલ ક્લાસ દ્વારા મારી શાળાના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની શરૂઆત કરી. Microsoft Teamsમાં Research કરતાં જાણવા મળ્યું કે ગુજરાતનો કોઈપણ વિદ્યાર્થી મારા વર્ચ્યુઅલ ક્લાસમાં જોડાય શકે. તેનાં માટે મારી Youtube ચેનલ અને Website પર જોરદાર જાહેરાત ચલાવવામાં આવી.જેનાથી શિક્ષકો અને વિદ્યાર્થીઓને Microsoft Teamsમાં રસ લેતા કર્યા. જેના પરિણામે મારો Online Virtual Class અમરેલી જિલ્લામાં સૌથી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતો Class બની રહ્યો.

**મારાં પ્રયત્નો** : 1) "MBDholakiyaEducation" Youtube Channel

2) www.mbdholakiyaeducation.blogspot.com Website

3) Microsoft Teamsમાં Mitesh Sirનો Online વર્ચ્યુઅલ ક્લાસ

4) ધોરણ 6-7-8નાં Whatsapp ગ્રૂપ દ્વારા શિક્ષણ


5) ધોરણ 6 થી 12 General Knowledge માટે Whatsapp ગ્રૂપ દ્વારા GK Quiz

**પરિણામ** : ઉપરોક્ત પ્રયત્નો દ્વારા પરિણામ એ આવ્યું કે હાલમાં હજારો વિદ્યાર્થીઓ મારાં દ્વારા શિક્ષણ મેળવી રહ્યા છે. અને શિક્ષણમાં ટેક્નોલૉજીનાં ઉપયોગ દ્વારા ભારતને વિશ્વ મહાસતા બનાવવાનાં કામમાં લાગેલા છે.

**"મારું કર્મ એ જ મારો સંતોષ"**

# ઈનોવેશન તસવીરોમાં















8:14 PM
KV
AMAN HITESHBHAI ...
KASAM KANUBHAI ...
HK
2413090110115100...
HASTI RAJESHBHAI...
2413090110115200...


SAMSUNG
" SANSKRITWALA "
સંસ્કૃતભાષાની દુનિયામાં આપનું સ્વાગત છે.
Enter The App
For Pathshala
Scan QR Code
" Sanskritwala "
An Initiative By Nirav Jani
Connect With Us
App Developed By " Sanjay Parghi "



# ઈનોવેશન તસ્વીરોમાં




REDMI NOTE 8
48MP QUAD CAMERA


शब्दकोष का क्रम
SHORT CHILD ANIMATION FILM
आशिष मकवाणा
STORY & DIRECTED BY
Ashish Makwana
Assi.Teacher Chalala KanyaShala



